
For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 19 | Saturday 6 January 2024 | Page 12


Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... **newsonlinelive.tv**



Gadgets ગુરૂ
કાવાસાકી Ninja ZX-6R સુપરસ્પોર્ટ બાઇક લોન્ચ થઈ 4

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી 201 નવીન બસોને લીલીઝંડી આપી... 7



સાઉથની એનબીકે 109માં ઉર્વશી રૌતેલા અને બોબી સાથે કામ કરશે... 10

### શાહરૂખ ખાન અભિનિત ફિલ્મ ‘ડંકી’માં પણ આ જ વિષયને દર્શાવવામાં આવ્યો છે

# અમેરિકામાં ‘ડંકી’ જમ્પની અસલી કહાની, ભોગ બનનારની જુબાની

### અમે ગુજરાતથી નીકળ્યા અને 7 મહિના પછી અમેરિકામાં પ્રવેશ્યા | બોર્ડ પર 6 દિવસ સુધી વોશરૂમમાં રહેવાનો વારો આવ્યો હતો... | અત્યંત દર્દનાક તે દિવસો યાદ કરીને મને ઉલ્ટી આવી જાય છે

## અમેરિકા જવાની ઘેલછા, લોકોને પડી રહી છે ભારે — છતાં પણ અમેરિકા જવાનો ક્રેઝ ઘટતો નથી

■ શિકાગોથી સ્પેશિયલ રિપોર્ટ

અમેરિકા આવવા માટે મોટાભાગના ગુજરાતીઓ ‘ડંકી’ જમ્પ એટલે કે ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે છે તે વાતની નવાઈ નથી. છેલ્લા 25 વર્ષમાં ગુજરાતીઓમાં આ પ્રકારે અમેરિકા આવવાનો ક્રેઝ વધ્યો છે. જો કે, ગેરકાયદેસર રીતે આવતા લોકોને અમેરિકા પ્રવેશવા માટે પડતી હાલાકીની જો વાત કરીએ તો ખૂબ જ ગંભીર પરિસ્થિતિઓ પસાર કરીને તેઓ અમેરિકામાં પ્રવેશે છે. નમસ્કાર ગુજરાત દ્વારા આવા વ્યક્તિઓ સાથે વાત કરી તો તેમણે પોતાનું નામ ન આપવાની શરતે સમગ્ર વાત ઉજાગર કરી. અને જે પરિસ્થિતિમાં તે વ્યક્તિ અમેરિકા આવ્યા છે તે વાત કોઈ ફિલ્મી વાર્તાથી ઓછી નથી. રમેશભાઈ (નામ બદલેલ છે)ને ગુજરાતથી નીકળીને અમેરિકામાં પ્રવેશ કરવા માટે 6 સપ્તાહ જેટલો સમય લાગ્યો હતો. પરંતુ ત્યાર બાદ તેઓને અમેરિકાની બોર્ડર સુરક્ષા બળના સૈનિકોએ પકડી લીધા હતા. અને ત્યારબાદ 6 માસ સુધી તેમને જેલમાં રહેવું પડ્યું હતુ. આ સમગ્ર આપ-વીતી તેમણે નમસ્કાર ગુજરાત સમક્ષ વર્ણવી છે.

### નમસ્કાર ગુજરાતની અપીલ ગેરકાયદેસર US ન જશો

અમેરિકામાં જે રીતે ગેરકાયદેસર જવાનું ચલણ વધી ગયું છે. જેના કારણે અનેક લોકોને ભારે મુશ્કેલીનો સામનો પણ કરવો પડે છે. આ અંગેની એક ફિલ્મ હાલમાં જ રિલીઝ કરવામાં આવી છે. જેનું નામ છે ડંકી. શાહરૂખ ખાન અભિનિત આ ફિલ્મમાં પણ બીજા દેશની પરવાનગી વિના તે અન્ય દેશમાં પહોંચી જાય છે. જેના પછી કેવી રીતે તેને ભારત આવવામાં મુશ્કેલી પડે છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. આ ફિલ્મ દ્વારા એ સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે કોઈપણ દેશમાં ગેરકાયદેસર રીતે ન જવું જોઈએ. કાયદેસર રીતે જ તે દેશમાં જવું જોઈએ. ત્યારે અમેરિકામાં લાખો ગુજરાતીઓનો અવાજ બનનાર નમસ્કાર ગુજરાત લોકોને અપીલ કરે છે કે તેમણે ગેરકાયદેસર ન આવવું જોઈએ.



**Q** કેવા સંજોગોમાં તમે ગુજરાત છોડીને અમેરિકા આવવાનું પસંદ કર્યું?

**A** ગુજરાતના કડી તાલુકાના નાનકડા ગામમાં રહેતો હતો. અને ગામના મોટાભાગના જુવાનીયાઓ અમેરિકા આવી ગયા હતા. એટલે ગામના લોકો અને સગા-સંબંધીઓ પણ વારંવાર મને અમેરિકા જવાનું દબાણ કરતા હતા. એટલું જ નહીં ઓછું ભણતર હોવાથી સારી નોકરી પણ મળતી ન હતી. એટલે અંતે ઘરના લોકો અને સગા-સંબંધીઓના સમજાવ્યા બાદ હું પણ અમેરિકા આવવા માટે તૈયાર થયો. પરંતુ અમેરિકા આવવા માટે વિઝાની કોઈ કાર્યવાહી ન કરવા અને ડંકી જમ્પ કરીને અમેરિકા આવવા માટે એજન્ટે સમજાવ્યો. એટલે હું પણ એજન્ટની જાળમાં આવી ગયોઅને અંતે મેં 55 લાખમાં અમેરિકા આવવા માટેનું કામ એજન્ટને આપ્યુ.

**Q** જેલમાં કેટલો સમય રોકાવું પડ્યું અને કેવી રીતે જેલમાંથી બહાર નીકળ્યા?

**A** જેલમાં મારે 6 માસ સુધી રોકાવું પડ્યું. આમ તો બીજા કેટલાય ગુજરાતીઓ અને ભારતીયો તે જેલમાં હતા પરંતુ તેમને તેમના એજન્ટ વારા-ફરતી બોન્ડ(જામીન) ભરીને છોડાવી દેતા હતા. મારી પરિસ્થિતિ વિપરિત હતી. મારો એજન્ટ ત્યારબાદ મારા સંપર્કમાં જ નહોતો આવતો. અને અંતે દોઢ માસ બાદ મારો સંપર્ક મારા એજન્ટ સાથે થયો તો તેણે એવું કહી દીધું કે 55 લાખમાં જેલના બોન્ડની કોઈ વાત ન આવે તેના માટે 70 લાખ રૂપિયા આપવાના હોય છે. બીજીતરફ જેલમાં અમેરિકન કાયદા મુજબ મારે રહેવું પડતું હતું. જો કે, હું અન્ય ગંભીર ગુનેગારોની જોડે નહિ પરંતુ ગેરકાયદેસર રીતે બોર્ડર ક્રોસ કરનારને રાખે તે જગ્યાએ રાખ્યો હતો. ત્યારબાદ મેં મારા અન્ય મિત્રો અને સગા-સંબંધીઓ કે જેઓ અમેરિકામાં રહેતા હતા. તેનો સંપર્ક શોધવાનો શરૂ કર્યો અને મારા ગામનો એક વ્યક્તિ કે જે શિકાગો ખાતે રહેતો હતો. તેનો સંર્પક થયો. જેણે મારા ઘરે સમગ્ર ઘટનાની જાણ કરી અને ત્યારબાદ એજન્ટને બીજા પૈસા આપવાનું વચન આપીને અંતે મારા જામીન કરાવ્યા હતા. લગભગ 6 માસ બાદ મારા બોન્ડ થયા અને હું જેલમાંથી બહાર આવ્યો. એટલે હું 7 માસ બાદ અમેરિકામાં પહોંચ્યો એવું કહેવાય.

**Q** જેલમાંથી બહાર આવીને ક્યાં રહેવાનું પસંદ કર્યુ અને હાલ કેટલા વર્ષથી આપ અમેરિકામાં રહો છો?

**A** એજન્ટ દ્વારા બોન્ડ ભર્યા બાદ અમેરિકામાં શિકાગો કે જે ગામનો મિત્ર રહેતો હતો. ત્યાં આવીને વસ્યો અને ત્યારબાદ અમેરિકાની સરકાર પાસે શરણાર્થી તરીકે રહેવા માટે અરજી કરી. જે કેસ હજી ચાલુ જ છે. પરંતુ 6 વર્ષ પહેલા હું આ રીતે અમેરિકા આવ્યો હતો. અને આજે પણ હું અહીં શિકાગોમાં રહું છું. હજી થોડા સમય પહેલા જ એજન્ટને આપેલા નાણાંનું દેવુ ભરાઈ રહ્યુ છે. રમેશભાઈ જે પરિસ્થિતિમાં અમેરિકા આવ્યા તે પરિસ્થિતિ ડંકી જમ્પ લગાવીને આવનાર માટે થોડી-ઘણી કોમન હશે. પરંતુ જે પરિસ્થિતિમાં તેમને રહેવુ પડ્યુ અને જેલમાં પણ ૬ માસ કાઢવા પડ્યા તે તમામ વાતને લઈને આજે પણ રમેશભાઈ હતાશ થઈ જાય છે. અને તેઓ સ્પષ્ટ પણે કહે છે કે ક્યારેય કોઈ પણ વ્યક્તિએ આ રીતે ગેરકાયદેસર રસ્તો અપનાવીને અમેરિકામાં પ્રવેશ ન કરવો. રમેશભાઈ આજે પણ એ 6 દિવસ કે જ્યાં તેમને ગંદકીમાં રહેવુ પડ્યુ હતુ. તે જગ્યાને ભૂલી નથી શકાતું.

**Q** કેટલા સમયે તમે અમેરિકા પહોચ્યાં અને કેવી પરિસ્થિતિમાં તમે અમેરિકા પહોંચ્યા?

**A** ઘરેથી નિકળ્યો. ત્યારે સૌથી પહેલા મને એજન્ટ દ્વારા બેંકકોક-પતાયા મોકલવામાં આવ્યો. હું 7 દિવસ સુધી રોકાયો હતો. જો કે આ જગ્યાએ હું એકલો જ નહિં બીજા કેટલાક ભારતીયોનો સમૂહ પણ સાથે જોડાયો હતો. જે તમામ લોકો એકસાથે પતાયાથી ઈક્વાડોર ખાતે લઈ જવામાં આવ્યા. ઈક્વાડોરમાં 8 થી 10 દિવસ સુધી અમને રાખ્યા હતા. જો કે જે હોટેલમાં રાખ્યા હતા તે હોટેલમાંથી બહાર ન નીકળવા સખત ફરમાન હતું. અને અમને દરેકને રૂમમાં જ પુરાઈ રહેવું પડતું હતું. જમવા માટે કેટલાક લોકો પિત્ઝા લઈને આવે અને રોજે-રોજ અમારે પિત્ઝા ખાઈને બેસી રહેવું પડતું હતું. જો કે ત્યાં સુધી તો કોઈ એવી તકલીફ ન પડી. પરંતુ ત્યારબાદ અમને ત્યાંથી મેક્સિકો લઈ જવામાં આવ્યા. અને મેક્સિકોમાં એજન્ટના માણસોએ બધાને અલગ-અલગ પાડી દીધા. જ્યાં મને જુદા-જુદા દેશના લોકો જોડે એક રૂમમાં રાખવામાં આવ્યો હતો. એક 10/10 ની નાનકડી રૂમમાં અમને બધાને રાખવામાં આવતા હતા. જે રૂમની યાદ આવે તો આજે પણ મને ઉલ્ટી થઈ જાય છે. જે રૂમમાં અમને 8 લોકોને રાખ્યા હતા તે રૂમમાં એક ખૂણામાં ખુલ્લુ વોશરૂમ હતુ.

એટલે અમારે પેશાબ કરવો હોય કે ટોઈલેટ જવું હોય ત્યાં જ કરવાનું અને બાકી બધાની સામે જ ખુલ્લા વોશરૂમમાં બધું કામ કરવાનું એટલું જ નહીં ગંધ પણ એટલી આવતી કે રહેવું મુશ્કેલ બની જતું. આવી જગ્યામાં 6 દિવસ સુધી અમને 8 જુદા-જુદા દેશના લોકોને રાખવામાં આવ્યા હતા. આજે પણ આ વાત મને યાદ આવે છે ત્યારે મને ચિતરી ચડે છે. જો કે ત્યારબાદ અમને બધાને એક ગાડીમાં બેસાડીને બોર્ડરથી થોડે દૂર લઈ જવામાં આવ્યા હતા. આ જગ્યાએ અમને બધાને એક ગેલન પાણી આપીને આગળ ચાલવાનું કહ્યુ. અમે બે દિવસ સુધી ચાલતા રહ્યા ત્યારે બોર્ડર નજીક પહોચ્યાં. જ્યાં અમારા એજન્ટનો એક માણસ સંપર્કમાં આવ્યો. એજન્ટના એ વ્યક્તિએ બોર્ડર પાર કરવા માટેનો અમને રસ્તો બતાવ્યો. એટલે તે રસ્તે મેં અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં પ્રવેશ કર્યો. જેવો પ્રવેશ કર્યો કે તુરંત જ અમેરિકાની બોર્ડર સિક્યોરિટી ઓફીસરે મને પકડી લીધો અને બધા ડોક્યુમેન્ટ માંગ્યા પરંતુ મારી પાસે કોઈ ડોક્યુમેન્ટ ન હોવાથી તેણે મને ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશવા કેસમાં જેલમાં મોકલી દીધો.

## અમેરિકાના આ 22 રાજ્યોમાં લઘુત્તમ વેતન વધ્યું, લાખો ભારતીયોને મોટો લાભ થશે

# 22 રાજ્યોમાં કામ કરતા કામદારોને ઘણો ફાયદો થશે, 22 રાજ્યોએ નવા વર્ષે મોટી ભેટ આપી

### અમેરિકામાં કામદારોને ઓછામાં ઓછા 16 ડોલર મળશે

■ વોશિંગ્ટન

અમેરિકામાં રહેતા અને કામ કરતા લોકો માટે સારા સમાચાર છે. ત્યાંના 22 રાજ્યોમાં પહેલી તારીખથી 'લઘુત્તમ વેતન' વધારવામાં આવ્યું છે. આનાથી એક કરોડથી વધુ કામદારોને ફાયદો થશે. લઘુત્તમ વેતન ખરેખર એક નિશ્ચિત રકમ છે જે કામદારોને મળે છે. ત્યાં દરેક રાજ્યમાં અલગ અલગ લઘુત્તમ વેતન નક્કી કરવામાં આવે છે. આ અંતર્ગત કામદારોને પ્રતિ કલાક ફિક્સ પેમેન્ટ મળે છે. ન્યૂયોર્ક, કેલિફોર્નિયા અને વોશિંગ્ટનમાં લઘુત્તમ વેતનમાં સૌથી વધુ વધારો થયો છે. હવે ત્યાં કામ કરતા કામદારોને ઓછામાં ઓછા $16 પ્રતિ કલાક મળશે. કહેવામાં આવી રહ્યું છે કે આનો સૌથી વધુ ફાયદો મહિલાઓને થશે. આનો લાભ લેનાર દરેક 10 કામદારોમાંથી છ મહિલાઓ હશે. આ રાજ્યોમાં લઘુત્તમ વેતનમાં ઘણો વધારો થયો છે.




અલાસ્કા: $11.73
એરિઝોના : $ 14.35
કેલિફોર્નિયા: $16
કોલોરાડો: $14.42
કનેક્ટિકટ: $15.69
ડેલવેર: $13.25
હવાઈ: $14
ઈલિનોઈસ: $14
મૈને: $14.15
મેરીલેન્ડ: $ 15
મિશિગન : $3.18
મિશિગન : $ 320
મિનિસ $30
મોન્ટાના : $ 10.30
નેબ્રાસ્કા : $ 12
ન્યૂજર્સી : $ 15.13
ન્યૂયોર્ક : $16
ઓહિયો : $10.45
રોડ આઈલેન્ડ : $14
સાઉથ ડાકોટા : $11.20
વર્મોન્ટ : $13.67
વોશિંગ્ટન : $16.28

# ભારતીય મૂળના પરિવારનું મોત, 83 કરોડ રૂપિયાનુ હતું દેવું

### 41 કરોડની કિંમતના બંગલામાં 3 મૃતદેહો મળ્યા હતા

■ ન્યૂયોર્ક





અમેરિકાના મેસેચ્યુસેટ્સમાં રહેતા ભારતીય મૂળના પરિવારના ત્રણ સભ્યોના મૃતદેહ તેમના ઘરમાંથી મળી આવ્યા હતા. જેમાં રાકેશ કમલ, તેમની પત્ની ટીના અને 18 વર્ષની પુત્રી આરિયાનાનો સમાવેશ થાય છે. કમલ પરિવાર પર લગભગ 83 કરોડ રૂપિયાનું દેવું હતું. તેમના બંગલાની કિંમત 41 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. ડેઈલી મેઈલના અહેવાલ મુજબ પોલીસે તેને પરસ્પર હિંસાનો મામલો ગણાવ્યો છે. જો કે ઘરમાં તોડફોડના કોઈ ચિહ્નો મળ્યા ન હતા. ત્રણેયના મોત ક્યારે અને કયા કારણોસર થયા તેની તપાસ કરવામાં આવી રહી છે. ગુરુવારે સાંજે લગભગ 7:30 વાગ્યે (યુએસ સમય) કમલ પરિવારના સંબંધી તેમના ઘરે ગયા હતા. આ દરમિયાન તેમણે એક મૃતદેહ જોયો. સંબંધીએ પોલીસને જાણ કરી, ત્યારબાદ તેમને ઘરમાં બાકીના બે મૃતદેહ મળ્યા. રાકેશ અને ટીનાએ તાજેતરમાં નાદાર જાહેર કરવા અરજી કરી હતી. તેમના પર 83 કરોડ રૂપિયા સુધીનું દેવું હતું. તેમના બંગલાની પણ હરાજી થવાની હતી. રિપોર્ટ અનુસાર, રાકેશ મેસેચ્યુસેટ્સના સૌથી પોશ વિસ્તારમાં રહેતા હતા. પોલીસને રાકેશના મૃતદેહ પાસે એક બંદૂક પણ મળી આવી હતી.

કમલ પરિવારમાં વર્ષ 2022થી આર્થિક સંકટ ચાલી રહ્યું હતું. પરિવારે સપ્ટેમ્બર 2022માં નાદાર જાહેર કરવા માટે અરજી કરી હતી. જોકે, આ વર્ષે ઓક્ટોબરમાં સાચા ફોર્મ અને દસ્તાવેજોના અભાવે તેમની અરજી ફગાવી દેવામાં આવી હતી. કમલ ફેમિલી હાઉસમાં લગભગ 27 રૂમ છે.

# ડોનાલ્ડ ટ્રમ્પ મેઈન રાજ્યમાં પણ પ્રાથમિક ચૂંટણી લડી શકશે નહીં

### ચૂંટણી અધિકારીએ બેલેટ પેપરમાંથી નામ જ કાઢી નાખ્યું

■ ન્યૂયોર્ક




અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને વધુ એક રાજકીય આંચકો લાગ્યો છે. મેઈન રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીએ પ્રાથમિક ચૂંટણીના બેલેટ પેપરમાંથી ટ્રમ્પનું નામ હટાવી દીધું છે. જો સાદી ભાષામાં સમજીએ તો, કોલોરાડો પછી, હવે મેઈનમાં પણ, ટ્રમ્પ તેમની રિપબ્લિકન પાર્ટી વતી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનવાનો દાવો દાખવી શકશે નહીં. વ્યાપક રીતે કહીએ તો, યુએસ સુપ્રીમ કોર્ટ હવે નક્કી કરશે કે ટ્રમ્પ 2024માં રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બની શકશે કે નહીં. લોકપ્રિયતાના સંદર્ભમાં, ટ્રમ્પ હાલમાં રાષ્ટ્રપતિ જો બાઈડેન અને ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ કરતાં આગળ છે.

મેઈનના મુખ્ય ચૂંટણી અધિકારીએ બેલેટ પેપરમાંથી ટ્રમ્પનું નામ હટાવવાનો નિર્ણય લીધો છે. આ અધિકારીને રાજ્ય સચિવ પણ કહેવામાં આવે છે. અગાઉ 6 જાન્યુઆરી, 2021ના રોજ કેપિટોલ (સંસદ ગૃહ) રમખાણોના કેસમાં કોલોરાડોમાં ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ નિર્ણય શેના બેલોસે લીધો છે. તેમને ડેમોક્રેટ પાર્ટી અને બાઈડેનની નજીક માનવામાં આવે છે. બેલોસના મતે કેપિટોલ હિલ રમખાણો માટે ટ્રમ્પ જવાબદાર છે. પોતાના સમર્થકોને રોકવાને બદલે તેમને ઉશ્કેર્યા. મેં ઘણું વિચારીને આ નિર્ણય લીધો છે. બેલોસે 34 પાનાનો આદેશ જારી કર્યો છે. બેલોસે આગળ કહ્યું- હું જાણું છું કે આપણા રાજ્યમાં રાષ્ટ્રપતિ પદના કોઈ ઉમેદવારને લઈને આવો નિર્ણય અગાઉ ક્યારેય લેવામાં આવ્યો નથી. મેં યુએસ બંધારણના 14મા સુધારાની કલમ 3નો ઉપયોગ કર્યો.


નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઈ-મેલ આઈડી પર મોકલી શકો છો.
**namaskargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.



**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

8.12 લાખ કરોડની સંપત્તિ સાથે મુકેશ અંબાણીને પાછળ છોડ્યા

# ગૌતમ અદાણી ભારતના સૌથી ધનિક ઉદ્યોગપતિ, 8.12 લાખ કરોડની આવક

## દુનિયામાં 12મા નંબરના સૌથી પૈસાદાર માણસ

■ નવી દિલ્લી

અદાણી ગ્રૂપની કંપનીઓના ચેરપર્સન ગૌતમ અદાણી બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીને પાછળ ધકેલીને ફરી એકવાર ભારતના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. શેર્સમાં થયેલા વધારાને કારણે ગૌતમ અદાણીએ વર્લ્ડ રેન્કિંગમાં ટોપ 12માં પોતાનું સ્થાન મેળવ્યું છે, જ્યારે અંબાણી એક સ્થાન નીચે 13માં સ્થાને છે. ગૌતમ અદાણીની નેટવર્થ આ વર્ષે 13 બિલિયન ડોલર એટલે કે આશરે રૂ. 1.08 લાખ કરોડ વધીને 97.6 બિલિયન ડોલર એટલે કે આશરે રૂ. 8.12 લાખ કરોડ સુધી પહોંચી છે. જ્યારે મુકેશ અંબાણીની કુલ સંપત્તિ આ વર્ષે 665 મિલિયન એટલે કે લગભગ 5 હજાર કરોડ રૂપિયા વધીને 97 બિલિયન ડોલર એટલે કે લગભગ 8.07 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

## સુપ્રીમ કોર્ટના નિર્ણયને કારણે નેટવર્થમાં તેજી

અદાણી-હિંડનબર્ગ કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયને કારણે, જૂથના તમામ 10 શેર્સમાં વધારો જોવા મળ્યો, જેના કારણે અદાણીની નેટવર્થ વધી છે. ગયા વર્ષે 24 જાન્યુઆરીના રોજ અમેરિકન શોર્ટ સેલર કંપની હિંડનબર્ગે ગૌતમ અદાણી પર શેરની હેરાફેરી અને મની લોન્ડરિંગનો આરોપ લગાવ્યો હતો, ત્યારબાદ કંપનીના શેરમાં ભારે ઘટાડો થયો હતો. ઈલેક્ટ્રિક વાહન કંપની ટેસ્લાના CEO એલન મસ્ક 18.31 લાખ કરોડ રૂપિયાની નેટવર્થ સાથે વિશ્વના સૌથી અમીર બિઝનેસમેન છે.



### દુનિયાના ટોપ અમીર

| | | |
|---|---|---|
| 1. | એલન મસ્ક | 18.31 લાખ કરોડ |
| 2. | જેફ બેઝોસ | 14.06 લાખ કરોડ |
| 3. | બર્નાડ અર્નોલ્ટ | 13.98 લાખ કરોડ |
| 4. | બિલ ગેટ્સ | 11.48 લાખ કરોડ |
| 5. | સ્ટીવ બાલ્મર | 10.65 લાખ કરોડ |
| 6. | માર્ક ઝુકરબર્ગ | 10.48 લાખ કરોડ |
| 7. | લેરી પેજ | 10.32 લાખ કરોડ |
| 8. | લેરી એલિસન | 9.99 લાખ કરોડ |
| 9. | સર્ગી બ્રિન | 9.74 લાખ કરોડ |
| 10. | કાર્લોસ સ્લિમ | 8.49 લાખ કરોડ |

## 6 સભ્યોની કમિટી અને સેબી તપાસ કરી રહી હતી

- સુપ્રીમ કોર્ટે આ કેસની તપાસ માટે 6 સભ્યોની કમિટીની રચના કરી હતી. આ સિવાય માર્કેટ રેગ્યુલેટર સેબીને પણ તપાસ કરવા માટે કહેવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટે 3 જાન્યુઆરીએ પોતાના નિર્ણયમાં 4 મોટી વાતો કહી હતી, જે એક રીતે અદાણી માટે ક્લીનચીટ છે.
- સેબીએ 22 કેસમાં તપાસ પૂરી કરી, 2 કેસમાં 3 મહિનામાં તપાસ પૂરી.
- સેબીના નિયમનકારી માળખામાં દખલ કરવાની આ કોર્ટની સત્તા મર્યાદિત છે.
- OCCPR રિપોર્ટને સેબીની તપાસ પર શંકાના રૂપમાં જોઈ શકાય નહીં.
- સેબી પાસેથી એસઆઈટીને તપાસ ટ્રાન્સફર કરવાનો કોઈ આધાર નથી.

**અદાણી દેશના સૌથી મોટા પ્રાઈવેટ પોર્ટના માલિક છે** | ગૌતમ અદાણીની આગેવાની હેઠળનું અમદાવાદનું અદાણી ગ્રુપ મુખ્યત્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે કામ કરે છે. તેઓ દેશના સૌથી મોટા પ્રાઈવેટ પોર્ટની માલિક છે. ગૌતમ અદાણીના જૂથની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસ છે.

# નિયમોના પાલનમાં ક્ષતિ બદલ મોટી કાર્યવાહી કરાઈ

## આરબીઆઈએ ગુજરાતની પાંચ સહકારી બેન્કોને દંડ ફટકાર્યો

■ મુંબઈ

રિઝર્વ બેન્કે તેના નિયમોનું પાલન કરવામાં વિવિધ ક્ષતિઓ બદલ ગુજરાતસ્થિત પાંચ સહકારી બેન્કોને દંડ ફટકાર્યો છે, જેમાં છેલ્લા એક મહિનામાં રૂ.50,000થી લઈને રૂ.5 લાખ સુધીનો દંડ ફટકારાયો છે. નિયામકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે વડોદરાની શ્રી ભારત સહકારી બેન્ક પર અન્ય બેન્કો પર થાપણો મૂકવાના તેમના નિર્દેશનું પાલન ન કરવા બદલ રૂ.5 લાખનો દંડ ફટકાર્યો છે. આ પાંચ બેન્કોને ફટકારવામાં આવેલો આ દંડ નિયમોના પાલનમાં ક્ષતિ બદલ કરવામાં આવ્યો છે RBIએ ગત 7 ડિસેમ્બરના રોજ તેના આદેશમાં ગુજરાતના છોટાઉદેપુર જિલ્લામાં સંખેડાસ્થિત સંખેડા નાગરિક સહકારી બેન્ક પર ડિરેક્ટર, સંબંધીઓ અને પેઢીઓને લોન અને એડવાન્સ અંગેના નિર્દેશોનું પાલન ન કરવા બદલ રૂ. 5 લાખનો દંડ ફટકાર્યો હતો.




NEWS FILE

## પર્સનલ, હોમ લોન સહિતના રિટેલ ધિરાણમાં 18%નો વધારો




મુંબઈ : સમાપ્ત થયેલા ૨૦૨૩ના વર્ષમાં રિટેલ ધિરાણમાં વાર્ષિક ધોરણે ૧૮ ટકા વધારો જોવા મળ્યો છે એટલું જ નહીં અનસિકયોર્ડ લોન્સમાં પણ વધારો જળવાઈ રહ્યો હતો. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના આંકડા પ્રમાણે પરસનલ લોન્સમાં ૨૨ ટકા વધારો થયો છે જ્યારે ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં ૨૮ ટકા વૃદ્ધિ જોવા મળી છે. ભારતમાં ક્રેડિટ કાર્ડની એકંદર સંખ્યા ૨૦૨૩ના અંતે ૯.૪૦ કરોડ હતી અને કાર્ડ દીઠ સરેરાશ ખર્ચ રૂપિયા ૫૫૭૭ રહ્યો હતો. વિતેલા વર્ષમાં પરસનલ લોન છૂટી કરવાની માત્રા સરેરાશ રૂપિયા ૧.૭૧ લાખ રહી હતી.

## USમાં થોડોક સમય સુધી ઉંચા વ્યાજદર જળવાઈ રહેવાની વકી

મુંબઈ : અમેરિકન ફેડરલ રિઝર્વની ઓપન માર્કેટ કમિટિના મોટાભાગના સભ્યો વ્યાજ દરના ઊંચા સ્તરને થોડાક લાંબા સમય સુધી જાળવી રાખવાની તરફેણ કરી રહ્યા હોવાનું કમિટિની ડિસેમ્બર બેઠકની જારી થયેલી મિનિટસ પરથી જણાય છે.અમેરિકન ફેડરલ રિઝર્વ નજીકના ગાળામાં વ્યાજ દરમાં કપાત કરવાનું શરૂ કરશે કે કેમ તે સામે હવે શંકા વધી ગઈ છે. ફુગાવાને ઘટાડવામાં ફેડરલ રિઝર્વ સફળ થશે તેવો મોટાભાગના સભ્યોએ આશાવાદ વ્યકત કર્યો હતો પરંતુ નાણાં નીતિને તાત્કાલિક હળવી બનાવવાની ખાતરી પૂરી પાડવામાં તેઓ સાવચેત રહ્યા છે.

## લોકસભા ચૂંટણીમાં રાજકીય પક્ષો રૂ. એક લાખ કરોડ ખર્ચશે



મુંબઈ : ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં રૂપિયા ૬૦,૦૦૦ કરોડના અંદાજિત ખર્ચ સામે વર્તમાન વર્ષમાં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે વિવિધ રાજકીય પક્ષો દ્વારા રૂપિયા એક લાખ કરોડ જેટલો જંગી ખર્ચ થવાની શકયતા છે. ચૂંટણી ખર્ચને પરિણામે ઉપભોગમાં વધારો થશે અને વર્તમાન નાણાં વર્ષના છેલ્લા ત્રિમાસિકમાં દેશના આર્થિક વિકાસ દરમાં ૦.૩ ટકા સુધીનો વધારો જોવા મળી શકે છે, એમ વિશ્લેષકો માની રહ્યા છે. વિવિધ રાજકીય પક્ષોના સૂચિત ઉમેદવારો પોતાના ચૂંટણી પ્રચાર અર્થે વર્તમાન ત્રિમાસિક ગાળા એટલે કે નાણાં વર્ષ ૨૦૨૪ના અંતિમ ત્રિમાસિકમાં પ્રચાર માટે પ્રવાસ પાછળ ખર્ચ કરશે.

# ડિસેમ્બર 2023માં યુપીઆઈ ટ્રાન્ઝેક્શનનો નવો રેકોર્ડ બન્યો

## 1,202 કરોડ લેણદેણ મારફત 18.23 લાખ કરોડ ટ્રાન્સફર

■ નવી દિલ્લી

વર્ષ 2023 UPI પેમેન્ટની બાબતમાં ખૂબ જ ખાસ રહ્યું છે. ગયા વર્ષે ભારતીયોએ મોટા પાયે ઓનલાઈન પેમેન્ટ કર્યું છે. આજકાલ લોકો ઘરના રાશન, ચા, સિગારેટ અને બાળકોની સ્કુલમાં UPI દ્વારા જ પેમેન્ટ કરી રહ્યા છે. આ કારણોસર છેલ્લા એક વર્ષમાં UPI પેમેન્ટના મામલામાં 42 ટકાની વૃદ્ધિ નોંધવામાં આવી છે. આંકડાઓની વાત કરીએ તો આ આખા વર્ષમાં કુલ 18 લાખ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન થયા છે. આ સમયગાળા દરમિયાન, ટ્રાન્ઝેક્શન વેલ્યુમાં 54 ટકાની વૃદ્ધિ નોંધવામાં આવી છે. આ સાથે આ આંકડો વધીને 1,202 કરોડ રૂપિયા થઈ ગયો છે. ઉપરાંત, ઓનલાઈન પેમેન્ટના કિસ્સામાં મહિને મહિને વૃદ્ધિ નોંધાઈ છે.

ડિસેમ્બરમાં દૈનિક UPI પેમેન્ટ વધીને 40 કરોડ થઇ ગયું છે. ફાસ્ટેગ પેમેન્ટની વાત કરીએ તો ડિસેમ્બરમાં 34.8 કરોડ ફાસ્ટેગ પેમેન્ટ કરવામાં આવ્યા હતા, જેમાં છેલ્લા એક વર્ષમાં 13 ટકાનો વધારો નોંધવામાં આવ્યો છે.

### ક્રિસમસના કારણે ફાસ્ટેગનો ઉપયોગમાં વધારો થયો

ભારતીયો ડિસેમ્બર દરમિયાન, ખાસ કરીને ક્રિસમસની રજાઓ દરમિયાન ફાસ્ટેગ પેમેન્ટમાં ખૂબ ડ્રાઈવિંગ કર્યું છે, જે એક રેકોર્ડ બની ગયો છે. ઓનલાઈન ટ્રાન્ઝેક્શનમાં લગભગ 8 ટકાની વૃદ્ધિ નોંધાઈ છે, જે ડિજિટલ ટોલ પેમેન્ટ તરફ નિર્દેશ કરે છે. ભારતમાં સ્માર્ટફોનના ઉપયોગની સાથે ઓનલાઈન પેમેન્ટની સંખ્યામાં પણ વધારો થયો છે.




### છેલ્લાં 6 મહિનામાં કેટલું ટ્રાન્જેક્શન થયું

| | | |
|---|---|---|
| જુલાઈ | 996 | 15.34 |
| ઓગસ્ટ | 1,024 | 15.18 |
| સપ્ટેમ્બર | 1,055 | 15.79 |
| ઓક્ટોબર | 1,141 | 17.16 |
| નવેમ્બર | 1,123 | 17.4 |
| ડિસેમ્બર | 1,202 | 18.23 |

## તંત્રીસ્થાનેથી...


# 2024માં પેટ્રોલ-ડિઝલના ભાવો અંકુશમાં રહે તેવી પૂરી શક્યતા




૨૦૨૪ના વર્ષનો પ્રારંભ થઇ રહ્યો છે. ૨૦૨૪માં મોંઘવારીનો આધાર ઓઈલના ભાવો પર રહેલો છે. ઓઈલના ભાવો વધે તો પેટ્રોલ- ડિઝલના ભાવોમાં વધારો થઇ શકે છે. તેના પગલે મોંઘવારી વધી શકે છે અને જીવન જરૂરી ચીજોના ભાવો પણ વધી શકે છે. ૨૦૨૩ દરમ્યાન ઓઈલના ભાવ ૧૦૦ રૂપિયા પર પહોંચે એવી શક્યતા હતી પરંતુ વૈશ્વિક સમિકરણો ભારતની તરફેણમાં આવતા ભાવ વધ્યા નહોતા. ૨૦૨૩ના અંતે રાતા સમુદ્ર પરના જહાજો પર ચાંચીયાઓના હુમલાના કરાણે ઓઈલનો સપ્લાય અટકત તો ઓઈલ ૧૦૦ રૂપિયા પર પહોંચે એવી શક્યતા હતી પરંતુ મામલો ડિપ્લોમેટીક સ્તરે નિવારાતા સરકાર અને લોકોએ રાહતનો દમ લીધો હતો. આ લખાય છે ત્યારે ઓઈલના ભાવ બેરલે ૭૭.૦૪ ડોલર હતા.

ક્રૂડતેલના વિશ્વ બજારમાં ૨૦૨૪ના નવા વર્ષમાં વિવિધ પડકારો સર્જાવાની શક્યતા છે સામે અમુક પોઝીટીવ ડેવલપમેન્ટ પણ જોવા મળશે એવી આશા બજારના ખેલાડીઓ બતાવી રહ્યા હતા. વૈશ્વિક સ્તરે નવા વર્ષમાં વિવિધ દેશોમાં સ્લોડાઉન તથા મંદીનો માહોલ સર્જાવાની ભીતિ બતાવાઈ રહી છે. તથા તેના પગલે વૈશ્વિક સ્તરે ક્રૂડતેલની માગને આગળ ઉપર પ્રતિકૂળ અસર પડવાની ભીતિ બતાવાતી થઈ છે. વિશેષરૂપે ચીનની ખરીદી ધીમી રહેવાનું અનુમાન બતાવાઈ રહ્યું છે. જો કે વૈશ્વિક સ્તરે નવા વર્ષમાં ક્રૂડતેલનું ઉત્પાદન પણ નીચું રહેવાની ગણતરી બજારનો અમુક વર્ગ બતાવી રહ્યો છે. ૨૦૨૩ના વિતેલા વર્ષના અંતિમ ભાગમાં ક્રૂડતેલના વિવિધ ઉત્પાદક દેશોના સંગઠન ઓપેકમાંથી એન્ગોલા દેશે છેડો ફાડી નાંખતાં ઓપેક સંગઠનમાં તડા પડશે કે શું એવી ભીતિ સર્જાઈ હતી. ઓપેકમાં ઉત્પાદન કપાત તથા નિકાસ ક્વોટાના સંદર્ભમાં મતભેદો થતાં એન્ગોલાએ ઓપેકને તીલાંજલી આપી હતી. વિશ્વમાં ક્રૂડ તેલનું જેટલું કુલ ઉત્પાદન વાર્ષિક ધોરણે થાય છે. એ પૈકી આશરે ૪૦ ટકા જેટલું ઉત્પાદન આ ઓપેકના દેશો દ્વારા કરવામાં આવે છે. આ ઓપેકના દેશો દ્વારા ૨૦૨૩ના વર્ષમાં ક્રૂડ તેલના ઉત્પાદનમાં કપાત મૂકાયા પછી ૨૦૨૪ના નવા વર્ષમાં પણ આવું પ્રોડકશન 'કટ' આગળ ધપાવવામાં આવનાર હોવાના સમાચાર મળ્યા હતા. દરમિયાન, તાજેતરમાં ઓપેકના દેશોએ એવું નક્કી કર્યું હતું કે ઉત્પાદક કાપનો અમલ ૨૦૨૪ના નવા વર્ષના પ્રથ ત્રિમાસિકમાં પણ ચાલુ રાખવામાં આવનાર છે. દરમિયાન, ક્રૂડતેલના વિશ્વ બજારમાં ચીનની નવી માગ ધીમી પડી હતી. યુરોપની નવી ખરીદી પણ ધીમી પડતી જોવા મળી હતી. જર્મનીમાં ક્રૂડતેલની માગમાં દૈનિક ધોરણે આશરે ૯૦ હજાર બેરલ્સનો ઘટાડો નોંધાયો છે. અમેરિકામાં ક્રૂડનું ઉત્પાદન તથા નિકાસ વધતાં વિશ્વ બજારમાં તાજેતરમાં ભાવ દબાણ હેઠળ આવી છ મહિનાના તળિયે ઉતરી ગયા હતા. જો કે હવે નવા વર્ષમાં બજાર તળિયેથી ઉંચી જવાની શક્યતા બજારના જાણકારો બતાવી રહ્યા હતા. અમેરિકામાં મેન્યુફેકરીંગ એકટીવીટી સતત ૧૩ મહિનાથી ઘટતી જોવા મળી હતી. ઈઝરાયલ-પેલેસ્ટાઈન-હમાસના યુદ્ધની અસર ક્રૂડતેલ બજાર કોઈ વિશેષ જોવાઈ ન હતી. નવા વર્ષમાં વૈશ્વિક સ્તરે ક્રૂડતેલમાં માગ કરતા વધુ સપ્લાય જેવી સ્થિતિ જોવા મળશે એવી ગણતરી બતાવાઈ રહી હતી. અમેરિકામાં ક્રૂડનું દૈનિક ઉત્પાદન વધી ૧૩૨થી ૧૩૩ લાખ બેરલ્સના મથાળે પહોંચ્યું છે. બ્રાઝીલ, ગુયાના, નોર્વે તથા કેનેડામાં પણ ઉત્પાદન ઉંચું રહ્યું છે. આવા માહોલમાં નવા વર્ષમાં ક્રૂડના ભાવ બેરલના ૧૦૦ ડોલર થશે કે નહિં એઅવો પ્રશ્ન પૂછાતો થયો છે. બજારના જાણકારોના જણાવ્યા મુજબ ભાવ ૧૦૦ ડોલર થવાની શક્યતા ઓછી જણાય છે તથા ભાવ નીચા જવાની શક્યતા વધુ બતાવાઈ રહી છે. ઓપેક સિવાયના દેશોમાં ક્રૂડ ઉત્પાદન વધ્યું છે. નવા વર્ષમાં જો કે ક્રૂડની માગમાં દૈનિક ૧૧ લાખ બેરલ્સ જેટલી વૃદ્ધી થવાની ગણતરી ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી દ્વારા બતાવાઈ છે. પરંતુ સામે સપ્લાય કરતા માગ વૃદ્ધી ઓછી રહેશે તથા ભાવ દબાણ હેઠળ જોવા મળશે એવી ગણતરી જાણકારો બતાવી રહ્યા હતા. દરમિયાન, એન્ગોલાની એક્ઝીટ છતાં ઈરાક, નાઈઝેરીયા તથા કોન્ગોએ ઓપેકમાં સ્થાન જાળવી રાખવાનું નક્કી કર્યાના વાવડ મળ્યા હતા. ભારતે યુએઈથી આયાતમાં રૂપિયામાં પેમેન્ટ શરૂ કર્યું હતું. રશિયામાં રિફાઈનરીઓ દ્વારા ક્રૂડતેલનું પ્રોસેસીંગ તાજેતરમાં વધ્યું છે.

૨૦૨૪માં લોકસભાનો જંગ યોજાઇ રહ્યો છે. તેના કારણે સરકાર મોંઘવારી કાબુમાં રાખવા તમામ પ્રયાસો કરશે. તેથી આ તબક્કે એમ કહી શકાય કે વૈશ્વિક સમિકરણો નેગેટિવ હશે તો પણ ૨૦૨૪ની દિવાળી સુધી પેટ્રોલ-ડિઝલના ભાવો વધે એમ નથી.



# ઉગ્રવાદી સંગઠન 'ઉલ્ફા'ની શરણાગતિ, અલગ આસામ દેશની વિચારધારાનો અંત

## વિચાર મંથન



**આસામને** ભારતથી છૂટું પાડીને અલગ દેશની રચના માટે છેલ્લા સાડા ચાર દાયકાથી લડી રહેલા યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ (ઉલ્ફા) સંગઠને અંતે હથિયાર હેઠાં મૂકી દીધાં. 'ઉલ્ફા'ના અરબિંદ રાજખોવા અને અનુપ ચેટિયાના નેતૃત્વ હેઠળનું જૂથ છેલ્લા એક દાયકાથી ભારત સરકાર સાથે મંત્રણા કરતું હતું પણ કોઈ ને કોઈ વાતે ડખો પડયા કરતો હતો. છેલ્લે આસામમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૮૮ ટકા બેઠકો સ્થાનિકો માટે અનામત રાખવાને મુદ્દે ડખો પડેલો પણ તેનો નિવેડો આવી જતાં છેવટે કેન્દ્ર સરકાર, આસામ સરકાર અને 'ઉલ્ફા' વચ્ચે કરાર થઈ ગયા.

'ઉલ્ફા'નું પરેશ બરૂઆનું જૂથ તેની વિરૂધ્ધ છે પણ બરૂઆનો જ પત્તો નથી એ જોતાં તેના વિરોધનો અર્થ નથી. આમ તો છેલ્લા એક દાયકામાં આસામમાં 'ઉલ્ફા' સહિતનાં સંગઠનોની હિંસા બંધ જ છે પણ આ કરાર સાથે હવે સત્તાવાર રીતે આતંકનો અંત આવી ગયો છે એવું કહી શકાય. યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ (ઉલ્ફા) પર આતંકવાદી પ્રવૃત્તિઓના કારણે ૧૯૯૦થી પ્રતિબંધ મૂકાયેલો હતો. આ કરાર થતાં પ્રતિબંધ પણ હટી જશે ને 'ઉલ્ફા'ના નેતા રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લઈને ચૂંટણી પણ લડી શકશે. આસામમાં ૧૯૭૯માં બાંગ્લાદેશી ઘૂસણખોરોના મુદ્દે વિદ્યાર્થીઓએ આંદોલન શરૂ કરીને છ વર્ષ લગી બધું ઠપ્પ કરી દીધેલું. રાજીવ ગાંધીની સરકારે ૧૯૮૫માં પ્રફુલ્લકુમાર મહંત અને ભૃગુ ફુકન સહિતના નેતાઓ સાથે સમાધાન કર્યું પછી આ આંદોલનનો અંત આવેલો. મહંત તો પછી આસામના મુખ્યમંત્રી બન્યા હતા. 'ઉલ્ફા'ના નેતાઓ પણ એ રીતે ભવિષ્યમાં આસામમાં સત્તામાં આવી શકે છે.

રાજીવ સરકારે ઓલ આસામ સ્ટુડન્ટ્સ યુનિયન (આસુ) સાથે સમજૂતી કરતાં આસામમાં એક નવી શરૂઆત થઈ હતી. 'ઉલ્ફા' સાથેની સમજૂતી પણ ઐતિહાસિક છે કેમ કે તેના કારણે આસામમાં આતંકવાદનો અંત આવશે. સાથે સાથે આસામને ભારતથી અલગ કરે નવો દેશ બનાવવાની વિચારધારાનો પણ અંત આવશે. આસામમાં હવે જરાય ભાગલાવાદી માનસિકતા નથી પણ જે રડયાખડયા લોકો છે એ પણ હવે સાવ ઠંડા પડી જશે. કેન્દ્ર સરકાર સાથે થયેલી સમજૂતીના કારણે સ્થાનિક લોકોને સત્તામાં વધારે ભાગીદારી મળશે તેથી કોઈ પણ પ્રકારનો અસંતોષ નહીં રહે. અરવિંદ રાજખોવાએ સરકાર સાથે સમાધાન કરીને શાણપણ બતાવ્યું છે કેમે કે વાસ્તવિક રીતે 'ઉલ્ફા' પાસે સરકાર સાથે સમાધાન કરીને શરણાગતિ સ્વીકારવા સિવાય વિકલ્પ નહોતો બચ્યો. 'ઉલ્ફા'ના મોટા ભાગના ટોચના નેતા જેલભેગા થઈ ગયા છે. એક જમાનામાં પરેશ બરૂઆ 'ઉલ્ફા'નો સર્વેસર્વા હતો. બરૂઆએ સમાંતર સરકાર બનાવી હતી તેમાં રાજખોવા અને ચેટિયા ઉપરાંત હીરક જ્યોતિ મહંત, રાજુ બરૂઆ, પ્રણતિ ડેકા અને તેનો પતિ ચિત્રબાણ હઝારીકા, પ્રદીપ ગોગોઈ, શશધર ચૌધરી, ઉદ્દીપ્ત હઝારિકા, મિથિંગા દાઈમેરી એમ ૧૧ લોકો હતા.

આ પૈકી ઉદ્દીપ્ત હઝારિકાને ૧૯૮૯માં ટોળાએ મારી મારીને અધમૂઓ કર્યા પછી ઝાડ પર લટકાવીને મારી નાંખેલો. મહંત બરૂઆ સામે પડેલો તેથી બરૂઆએ ઈન્ડિયન આર્મીને તેની ટીપ આપીને પકડાવી દીધેલો. આર્મીએ પછી તેને પતાવી દીધેલો. બરૂઆને બાદ કરતાં બાકીના બધાંને ભારતીય લશ્કરે જેલમાં ધકેલી દીધાં પછી વરસો લગી જેલમાં સબડયાં છે. તેમની પાસે હથિયાર હેઠાં મૂકીને ભારતની શરણાગતિ સ્વીકારવી કે બાકીની જીંદગી જેલમાં પૂરી કરવી એમ બે જ વિકલ્પ બચ્યા હતા. રાજખોવાએ શાણપણ વાપરીને પહેલો વિકલ્પ પસંદ કર્યો. ભારત સરકાર સાથે શાંતિ મંત્રણા શરૂ કરી તેથી બધાં જામીન પર છૂટયાં છે ને મુક્તિનો શ્વાસ માણી શકે છે. બાકી જેલમાં સબડીને મરી ગયાં હોત. આ લોકો હવે ક્યાંય જઈ શકે તેમ નથી ને ફરી બગાવત કરવા જાય તો લશ્કરી જવાનોની ગોળી ખાઈને ઉપર જવું પડે તેથી સમાધાન કર્યા વિના આરો નથી. સમાધાનના કારણે બાકીની જીંદગી ગૌરવપૂર્ણ રીતે કાઢી શકશે.

બીજું એ કે, આસામના યુવાનોને હથિયાર ઉઠાવીને જીવને જોખમમાં મૂકવામાં રસ નથી. નવી પેઢીના યુવાનો ભારતને જ પોતાનો દેશ માનીને મોટા થયા છે તેથી આસામને ભારતથી અલગ કરીને નવો દેશ બનાવવાની વાતો તેમને ગળે ઉતરતી નથી.

'ઉલ્ફા'ના નેતાઓએ વરસો પહેલાં અલગ આસામની માગણી શરૂ કરી ત્યારે પણ આસામને ભારતથી અલગ કરવા માટેનાં કોઈ કારણ નહોતાં પણ વ્યક્તિગત મહત્વાકાંક્ષાને કારણે આ તૂત શરૂ થયેલું. પરેશ બરૂઆ જેવા લોકોએ ગુનાખોરીના રસ્તે ચડીને ફંડ એકઠું કરીને હથિયારો ખરીદીને આતંકવાદ શરૂ કર્યો તેમાં એક વિષચક્ર શરૂ થયેલું. ચીન સહિતના દેશોએ તેમાં યોગદાન આપેલું પણ હવે આસામમાં નવી વિચારધારાનો પ્રભાવ છે તેથી ઉલ્ફા ટકી શકે તેમ નથી.

પરેશ બરૂઆ ભારતીય લશ્કરના હાથે ચડયો નથી તેથી સોશિયલ મીડિયા મારફતે પોતાને સમાધાન મંજૂર નથી એવું વાજું વગાડે છે પણ તેનો અર્થ નથી. બરૂઆ સાવ પતી ગયેલી પાર્ટી છે ને કોઈ તેને સંઘરવા જ તૈયાર નથી તેથી ભાગતો ફરે છે ને ભારતથી આઝાદ થવાનાં દીવાસ્વપ્ન જોયા કરે છે.

તેની પાસે માણસો નથી કે ભારત સામે લડવાની તાકાત નથી એ જોતાં એક દિવસ ગુમનામીમાં મરી જશે ને 'ઉલ્ફા'નું નામશેષ રહી ગયેલું છેલ્લુ પ્રકરણ પણ પૂરું થઈ જશે.

## નાનકડો દેશ દુનિયાના દેશોને આપે છે ટક્કર

# અમેરિકાને ધમકી આપનાર કિમ જોંગ ઉન કોણ?




અનંત
સંદીપ હીરપરા

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન વારંવાર અમેરિકા અને પડોશી દેશ દક્ષિણ કોરિયાને યુદ્ધની ધમકી આપતા રહે છે. કિમ જોંગે જણાવ્યું કે, અમેરિકા અને દક્ષિણ કોરિયાના કારણે યુદ્ધ હવે વાસ્તવિક્તા બની ગયું છે. અને અમેરિકા અને દક્ષિણ કોરિયા સંઘર્ષનો રસ્તો પસંદ કરે તો કોઈપણ ખચકાટ વિના તેમનું નામોનિશાન મિટાવી દો. કિમ જોંગે છેલ્લા બે વર્ષમાં પરમાણુ હુમલા કરવામાં સક્ષમ અનેક ડઝન મિસાઈલોનું પરીક્ષણ કર્યું છે. તેમાંથી કેટલાક મિસાઈલ અમેરિકા સુધી પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. ત્યારે એ પણ સમજવુ જોઈએ કે, આ કિંમ જોંગ ઉન છે કોણ? ઉત્તર કોરિયાના સર્વોચ્ચ નેતા કિમ જોંગ-ઉનની તસવીરો દુનિયાભરના અખબારોમાં હંમેશાં જોવા મળતી હોય છે, પરંતુ તેમનું અંગત જીવન વિશ્વ માટે હજી પણ એક રહસ્ય જેવું છે. કિમ જોંગ-ઉનનો જન્મ 1982થી 1983ની વચ્ચે થયો હોવો જોઈએ. તેમનું બાળપણ રાજકુમારોની જેમ વીત્યું હતું. કિમ જોંગ-ઉને પોતાનો અભ્યાસ સ્વિટ્ઝરલૅન્ડના બ્રર્ફિલા પ્રદેશમાં આવેલી એક જર્મન સ્કૂલમાંથી કર્યો છે.

કિમ જોંગ-ઉન દાદાની ગાદીએ બેસી ગયેલા ત્રીજી પેઢીના શાસક છે. દાદાએ કોરિયાની આઝાદીની લડાઈમાં અગ્રણી ભાગ ભજવ્યો હતો. તેનો લાભ પૌત્રને મળે. પણ ભારતમાં લોકશાહી હોય ત્યારે જીતીને આવવું પડે. ઉત્તર કોરિયામાં વગર ચૂંટણી લડ્યે કિમ શાસક બન્યા તે પછી અણુ કાર્યક્રમને આગળ વધાર્યો. અણુશસ્ત્રોને અટકાવવા માટે અમેરિકાએ તેના પર પ્રતિબંધો મૂક્યા છે. કિમ 2011માં સત્તા પર આવ્યા પછી પ્રથમવાર વિદેશ યાત્રા કરી અને તેમાં તેમના પત્ની રી સોલ જુ પણ સાથે હતા.

સરમુખત્યાર કિમ જોંગ-ઉન વૈભવી જીવન જીવે છે. આ વાત એ હકીકત પરથી જાણવા મળે છે કે તે એક વર્ષમાં 200 કરોડ રૂપિયાનો દારૂ પીવે છે. ઉત્તર કોરિયામાં આજે પણ હજારો લોકો ભૂખથી મૃત્યુ પામે છે.ઉત્તર કોરિયામાં લોકો પાસે ખાવા માટે ભોજન નથી, ત્યારે દેશના સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉન વૈભવી જીવન જીવી રહ્યા છે. મોંઘો દારૂ, સ્પેશિયાલિટી સિગારેટ અને વિદેશથી આયાત કરાયેલ માંસ તેમની જીવનશૈલીનો ભાગ છે. કિમ જોંગ ઉન બ્લેક લેબલ સ્કોચ વ્હિસ્કી અને હેનેસી બ્રાન્ડી પીવાનું પસંદ કરે છે, જેની એક બોટલની કિંમત $7,000 સુધી હોઈ શકે છે. તેની એક બોટલની કિંમત $2,145 (રૂ. 1.41 લાખ) છે.

એક રિપોર્ટ અનુસાર કિમ જોંગ ઉન પાસે લગભગ $5 બિલિયન (32.5 હજાર કરોડ)ની સંપત્તિ છે. યુએનના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આ સંપત્તિ ગરીબો પર ખર્ચવામાં આવતી નથી. તેમાંથી દર વર્ષે કિમ પર 600 મિલિયન ડોલર (4 હજાર કરોડ રૂપિયા) ખર્ચે છે.



## Gadgets ગુરૂ

### કાવાસાકી Ninja ZX-6R સુપરસ્પોર્ટ બાઈક લોન્ચ થઈ

જાપાની ટુ-વ્હીલર નિર્માતા કંપની કાવાસાકીએ Ninja ZX-6Rનું 2024 મોડેલ લોન્ચ કર્યું છે. આ સુપરસ્પોર્ટ બાઈકને કંપની દ્વારા ઈન્ડિયા બાઈક વીક 2023માં આવી હતી. નવા Takawasaki Ninja ZX-6Rમાં 636cc લિક્વિડ-કૂલ્ડ, ઈનલાઈન-ફોર એન્જિન છે, એન્જિનને 6-સ્પીડ ગિયરબોક્સ, ક્વિકશિફ્ટર - સ્લિપ-એન્ડ-સિસ્ટ કલચ સાથે ટ્યુન કરવામાં આવ્યું છે.

- મસ્ક્યુલર ટાંકી, ફ્લશ-ફિટેડ ઈન્ડિકેટર્સ
- સીધી વિન્ડસ્ક્રીન
- અપસ્વેપ્ટ એક્ઝોસ્ટ સિસ્ટમ
- LED લાઈટિંગ ઘટકો
એડજસ્ટેબલ ગેસ-ચાર્જ્ડ મોનોશોક
ટ્રેક્શન કંટ્રોલ, પાવર મોડ

ટ્રમ્પના બે સૌથી મોટા પુત્ર એરિક અને ટ્રમ્પ જુનિયર પર પણ આરોપ

# પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો છેતરપિંડીનો કેસ, મેનહટન સુપ્રીમ કોર્ટ ચુકાદો આપશે

## 250 મિલિયન ડોલરનો દંડ થાય તેવી શક્યતા

■ ન્યૂયોર્ક

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સામે મેનહટન સુપ્રીમ કોર્ટ છેતરપિંડીના એક કેસમાં ચુકાદો આપવાની છે. ટ્રમ્પ પર આ મામલામાં 250 મિલિયન ડોલરનો દંડ અને તેમની માલિકીની કંપનીઓ પર ન્યૂયોર્કમાં વેપાર કરવા પર પ્રતિબંધ લાગે તેવી પણ શક્યતાઓ છે. મેનહટન સુપ્રીમ કોર્ટના જજ આર્થર એંગોરન આ મામલામાં ચુકાદો આપવાના છે. તેમણે કહ્યુ હતુ કે, જાન્યુઆરીના અંત સુધીમાં કોર્ટ પોતાનો નિર્ણય આપે તેવી શક્યતા છે. આ મામલામાં ટ્રમ્પ સામે લોન લેવા માટે અને ઈન્સ્યોરન્સની શરતો પૂરી કરવા માટે પોતાની સંપત્તિના વેલ્યુએશનના આંકડા વધારીને રજૂ કરવાનો આરોપ લાગેલો છે. ન્યૂયોર્કના એટોર્ની જનરલ લેટિટિયા જેમ્સ દ્વારા આ કેસમાં ટ્રમ્પના બે સૌથી મોટા પુત્રો એરિક અને ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર પર પણ આરોપ લગાવવામાં આવ્યા છે. આ કેસની સુનાવણી 2 ઓક્ટોબર, 2023થી શરુ થઈ હતી. હવે આખરી દલીલો માટે આ કેસની ફરી કોર્ટમાં સુનાવણી થશે.



### 11 સપ્તાહમાં 40 સાક્ષીઓની જુબાની લેવાઈ

જજ એંગોરને પહેલા જ કહ્યુ છે કે, ટ્રમ્પ દ્વારા છેતરપિંડી કરવામાં આવી છે પણ દંડ કેટલો કરવો તેના પર નિર્ણય લેવાયો નથી. કાયદાકીય જાણકારોનુ માનવુ છે કે, ન્યાયાધીશ પૂરેપૂરો 250 મિલિયન ડોલરનો દંડ ફટકારી શકે છે અથવા નાણાકીય દાવાને ફગાવી પણ શકે છે. અખબારી અહેવાલ અનુસાર લેણદારો તેમજ ઈન્સ્યોરન્સ કંપનીએ નાણાકીય નુકસાનનો જે દાવો કર્યો છે અને તે બદલ એટોર્ની જનરલે જે વળતરની માંગણી કરી છે તેમાં દંડની રકમ હટાવી શક્ય નથી. આ કેસમાં 11 સપ્તાહમાં 40 જેટલા સાક્ષીઓની જુબાની લેવામાં આવી છે.

## ટ્રમ્પની કંપનીને થઈ શકે છે મોટું નુકસાન, સુનાવણી બાકી

ટ્રમ્પ પરિવાર દ્વારા આ તમામ આરોપોને ફગાવી દેવાયા હતા. જોકે કોર્ટે કેસ શરુ થતા પહેલા જ ટ્રમ્પને છેતરપિંડી માટે જવાબદાર ઠેરવ્યા હતા. એ પછી ટ્રમ્પની કંપનીના બિઝનેસ લાઈન્સ રદ કરવામાં આવ્યા હતા. જોકે અંતિમ ચુકાદો આવે ત્યાં સુધી આ નિર્ણય પર રોક લગાવાઈ છે. જાણકારોનુ માનવુ છે કે, આ કાનૂની લડાઈ લાંબી ચાલશે. આ મામલામાં ટ્રમ્પ અપીલ પણ કરી શકે છે અને 2024ની રાષ્ટ્રપતિ ચૂંટણી પછી પણ કેસ ચાલી શકે છે. જો ટ્રમ્પની કંપનીના બિઝનેસ લાઈસન્સ પર પાંચ વર્ષ કે તેનાથી વધારે સમય સુધી રોક લાગેલી રહી તો ટ્રમ્પની કંપનીને ભારે નુકસાન વેઠવુ પડી શકે છે. આ કેસમાં ટ્રમ્પ પોતે આઠ દિવસ કોર્ટમાં હાજર રહ્યા હતા અને તેમણે ન્યાયાધીશ, એટોર્ની જનરલની સાથે સાથે કોર્ટના ક્લાર્કની પણ ઝાટકણી કાઢી હતી. તેમના વર્તાવ બદલ કોર્ટે 15000 ડોલરનો દંડ પણ ફટકાર્યો હતો. હવે આ મામલામાં કોર્ટ શું ચુકાદો આપે છે તેના પર આખા અમેરિકાની નજર રહેશે. આ કેસની સુનાવણી 2 ઓક્ટોબર, 2023થી શરુ થઈ હતી. હવે આખરી દલીલો માટે આ કેસની ફરી કોર્ટમાં સુનાવણી થશે.

# ઈઝરાયલ-હમાસ વચ્ચે યુદ્ધવિરામ માટે આંતરરાષ્ટ્રીય દબાણ

## અમેરિકાની ઈઝરાયલને વધુ હથિયારો વેચવાના પ્રસ્તાવને મંજૂરી

■ ગાઝા

ઈઝરાયલી સૈન્ય દ્વારા શનિવારે ઉત્તર ગાઝાના બે રેફ્યુજી કેમ્પ પર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. દરમિયાન અમેરિકાના પ્રમુખ બાઈડને ઈઝરાયલને વધુ શસ્ત્રો વેચવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આંતરરાષ્ટ્રીય સમુદય દ્વારા યુદ્ધ વિરામ જાહેર કરવા માટે ઈઝરાયલ પર દબાણ વધી રહ્યું છે ત્યારે બાઈડેન સરકારે આ નિર્ણય કર્યો હતો. દરમિયાન બૈરુતમાં હમાસના નેતાએ પત્રકારો સાથે વાત કરતા એવો દાવો કર્યો હતો કે અમે હાલની સ્થિતિમાંથી પીછેહઠ કરવાના નથી. ગત 7 ઓક્ટોબરના રોજ હમાસના ઈઝરાયલ પરના હુમલા બાદ આ લડાઈ શરૂ થઈ હતી. અત્યાર સુધીમાં ગાઝા પટ્ટીના 85 ટકા લોકો બેઘર બની ગયા છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે અત્યાર સુધીમાં 21,627 લોકોના મોત થયા છે.



NEWS FILE

## અમેરિકાએ હૂતી બળવાખોરોની 3 બોટ ડૂબાડી દીધી



તેલ અવીવઃ ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના જંગમાં હમાસનુ સમર્થન કરી રહેલા ઈરાન સમર્થિત બળવાખોર હૂતી જૂથ રેડ સીમાં આતંક મચાવી રહ્યુ છે. વેપારી જહાજોને ડ્રોન અને મિસાઈલ વડે ટાર્ગેટ કરી રહેલા હૂતી જૂથને રોકવા માટે અમેરિકાએ પોતાના યુધ્ધ જહાજોને આ વિસ્તારમાં તૈનાત કર્યા છે પણ હવે રેડ સીમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ આગામી દિવસોમાં સર્જાઈ શકે છે. કારણકે રવિવારે અમેરિકાએ હૂતી જૂથ પર હુમલો કર્યો હતો અને એ પછી હવે ઈરાનનુ યુદ્ધ જહાજ રેડ સીમાં પહોંચ્યુ છે અને તેના કારણે અમેરિકાના યુધ્ધ જહાજ અને ઈરાનના યુદ્ધ જહાજનો આમનો સામનો થવાની શક્યતા વધી ગઈ છે.

**ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ વધશેઃ** રવિવારે હૂતી બળાખોરોએ યમન પાસે એક માલવાહક જહાજ પર ચઢવાની કોશિશ કરી હતી. હૂતી બળવાખોરો ચાર બોટમાં બેસીને જહાજ પાસે પહોંચ્યા હતા. એ પછી આ જહાજે મદદ માંગી હતી. જેના પગલે અમેરિકન એર ક્રાફ્ટ કેરિયર આઈઝનહોવર સ્ટ્રાઈક ફોર્સમાં સામેલ જહાજનુ એક હેલિકોપ્ટર આ માલવાહક જહાજની મદદે પહોંચ્યુ હતુ. જેણે ત્રણ બોટોનો ખાત્મો બોલાવી દીધો હતો . અમેરિકાએ કરેલા પ્રહારમાં 10 બળવાખોરોના મોત થયા હોવાનુ મનાય છે. જ્યારે એક બોટમાં બેઠેલા બળવાખોરો નાસી છૂટયા હતા. આ ઘટના બાદ ઈરાનનુ યુદ્ધ જહાજ હવે રેડ સીમાં દાખલ થયુ છે અને ઈરાની મીડિયાએ પણ આ વાતને સમર્થન આપ્યુ છે. જોકે ઈરાનનુ કહેવુ છે કે, 2009થી રેડ સીમાં વેપારી જહાજોની સુરક્ષા માટે ઈરાનના જહાજો પેટ્રોલિંગ કરતા હોય છે.

## 'અમેરિકા હોય કે દ.કોરિયા, ઉશ્કેરે તો ખાત્મો બોલાવી દો...'



પ્યોંગયાંગઃ ઉ.કોરિયાન સરમુખત્યાર કિમ જોંગ ઉને તેમના સૈન્યને આદેશ આપ્યો છે કે જો અમેરિકા અને દ.કોરિયા કોઈ ઉશ્કેરણીજનક કાર્યવાહી કરે તો તેમનો દુનિયાથી જ ખાત્મો બોલાવી દો. અહેવાલ અનુસાર કિમ જોંગે આ દરમિયાન રાષ્ટ્રીય સુરક્ષાને પણ મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. ઉત્તર કોરિયામાં સત્તાધારી પાર્ટીની પાંચ દિવસની બેઠકમાં તેમણે આ વાત કહી હતી. તેમણે કહ્યું કે 2024માં વધુ 3 સૈન્ય જાસૂસી સેટેલાઈટ લોન્ચ કરવાનું લક્ષ્ય છે. કિમ જોંગ ઉને ઉ.કોરિયાઈ સૈન્યના કમાન્ડિંગ ઓફિસર સાથે બેઠક યોજી હતી. જેમાં કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષા માટે સૈન્ય તૈયારીઓ મજબૂત કરવામાં આવે.

# અમેરિકામાં ડિગ્રી માટેની ફીમાં 30 ટકાનો વધારો

« 3 લાખ ભારતીય વિદ્યાર્થીને અસર

## 1 લાખ જેટલાં ભારતીય વિદ્યાર્થીઓને અસર થશે

■ ન્યૂયોર્ક

ભારતીય વિદ્યાર્થીઓનું અમેરિકાની ડિગ્રીનું 'સપનું' મોંઘું થયું છે. અમેરિકાની કૉલેજો-યુનિવર્સિટીઓએ એપ્રિલથી શરૂ થનારા નવા સત્રથી ફીમાં 30 ટકાનો વધારો કરવાની જાહેરાત કરી છે. કૅલિફોર્નિયા અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટીએ તો અત્યારથી જ ફી વધારી દીધી છે. નવા વર્ષથી અમેરિકાનાં 50 રાજ્યએ તમામ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ફીમાં વધારાની કરાયેલી જાહેરાતથી સૌથી સવા 3 લાખ ભારતીય વિદ્યાર્થીને અસર થશે. અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓમાં ભારતીયો છે. અહીં દર વર્ષે લગભગ 1 લાખ ભારતીય વિદ્યાર્થી વિવિધ કૉલેજ-યુનિવર્સિટીમાં અરજી કરે છે. એક અનુમાન પ્રમાણે ફીમાં વધારા પછી દરેક ભારતીય વિદ્યાર્થી ઉપર ડિગ્રી દરમિયાન 10 લાખ રૂપિયાનો વધારાનો બોજો પડશે. ભારતીય વિદ્યાર્થીઓ પહેલાથી જ અનેક પ્રકારની પરેશાની પડકારોનો સામનો કરી રહ્યા છે ત્યારે હવે ફીમાં 30 ટકાનો વધારો કરી દેવામાં આવ્યા બાદ સમસ્યા વધી ગઇ છે.

## સ્ટાફનો પગાર વધારાયો, વિદ્યાર્થીઓ પાસેથી વસૂલાત



અમેરિકાની સૌથી મોટી સરકારી યુનિવર્સિટી કૅલિફોર્નિયાનું કહેવું છે કે રાષ્ટ્રપતિ બાઈડેને ટીચિંગ સ્ટાફનો પગાર કલાકદીઠ 972 રૂપિયાથી વધારીને રૂ. 1215 કર્યો છે. વેતનવધારા માટે સરકારે વધારાનું ભંડોળ આપ્યું નથી. હવે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની ફી વધારીને ભરપાઈ કરાઈ રહ્યું છે.

### સ્કોલરશિપ 2%થી પણ ઓછા વિદ્યાર્થીને મળે છે

કૉલેજો-યુનિવર્સિટીઓએ ફીમાં વધારા સાથે સ્કોલરશિપ વધારવાની પણ જાહેરાત કરી છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થી સમર્થના કહેવા પ્રમાણે ફી 30 ટકા સુધી વધારાઈ છે પરંતુ સ્કોલરશિપમાં માત્ર 5%નો જ વધારો કરાયો છે. ભારતથી આવનારા લગભગ સવા 3 લાખ વિદ્યાર્થીમાંથી 6 હજારને જ સ્કોલરશિપ મળે છે.

# ગુજરાતી ડૉક્ટરની આયુર્વેદ ટિપ્સે USમાં ડંકો વગાડ્યો, અમેરિકાના બે મોટા મીડિયા હાઉસે ડૉ. રોહન પંકજ નાગરનો શો યોજ્યો...





**લાસ વેગાસઃ** છેલ્લા 22 વર્ષોથી લંડન અને યુરોપમાં આયુર્વેદની પ્રેક્ટિસ કરતા ડૉ. રોહન પંકજ નાગરે હવે અમેરિકનોને પણ આયુર્વેદનું ઘેલું લગાડ્યું છે. અમેરિકાના પ્રખ્યાત રાષ્ટ્રીય મીડિયા હાઉસ NBC લાસ વેગાસ અને ફોક્સ શિકાગોએ ડૉ. રોહન નાગરને ખાસ આમંત્રિત કરીને તેમનો શો યોજ્યો હતો. જેમાં ડૉ. રોહન નાગરે લીવર અને ડિટોક્સ વિશે માહિતી આપી હતી. શો દરમિયાન ડૉ. રોહને લોકોને લીંબુ પાણી પીવાની અને અઠવાડિયામાં એકવાર ઉપવાસ કરવાની ટિપ્સ પણ આપી હતી. NBC લાસ વેગાસના કાર્યક્રમમાં ડો. રોહને જણાવ્યું હતું કે કેવી રીતે રજાઓમાં શરીરને સ્વસ્થ રાખવા માટે આયુર્વેદ મદદ કરી શકે. ડૉ. રોહનના કાર્યક્રમને બહોળો પ્રતિસાદ મળ્યો હતો. બન્ને મીડિયા હાઉસે તેમના આવા જ વધુ કાર્યક્રમનું ફરીથી આયોજન કર્યું છે.

## US પર મોટું સંકટ, રાષ્ટ્રીય દેવું 34000 અબજ ડૉલરે પહોંચ્યું

### 9 વર્ષમાં થનારું દેવું માત્ર 4 વર્ષમાં અધધ વધી ગયું

■ ન્યૂયોર્ક

અમેરિકામાં સંઘીય સરકારનું કુલ રાષ્ટ્રીય દેવું 34,000 અબજ ડૉલરને વટાવી સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયું છે. દેશ પરના દેવાનો આ આંકડો જોતાં એ સમજી શકાય છે કે આવનારા વર્ષોમાં સરકારે દેશના વહીખાતાં સુધારવા માટે રાજકીય અને આર્થિક મોરચે અનેક પડકારો ઝિલવા પડશે. અમેરિકી નાણા વિભાગે મંગળવારે દેશની આર્થિક સ્થિતિ અંગે એક રિપોર્ટ જાહેર કર્યો હતો. તે રાજકીય રીતે વિભાજીત દેશ માટે તણાવ પેદા કરનારો હતો. રિપોર્ટ મુજબ વાર્ષિક બજેટ વિના સરકારના કામકાજનો અમુક હિસ્સો ઠપ થઇ શકે છે. રિપબ્લિક સાંસદો અને વ્હાઈટ હાઉસે ગત વર્ષે જૂનમાં દેશની લોનમર્યાદાને અસ્થાયી રીતે હટાવવા પર સંમતિ વ્યક્ત કરી હતી જેનાથી ઐતિહાસિક ચૂક કે ડિફોલ્ટ થવાનું જોખમ ટળી ગયું હતું.

જાન્યુઆરી 2020માં કોંગ્રેસના બજેટ કાર્યાલયે અનુમાન કર્યું હતું કે વર્ષ 2028-29 માં અમેરિકાનું કુલ દેવું 34,000 અબજ ડૉલર પર પહોંચી જશે. જોકે 2020માં કોરોના મહામારી શરૂ થવાને કારણે અમેરિકાનું દેવું આ સ્તરે 4-5 વર્ષ વહેલુ પહોંચી ગયુ. રાષ્ટ્રીય દેવું વધવાની હાલ અમેરિકી અર્થવ્યવસ્થા પર કોઈ અસર દેખાઈ રહી નથી કેમ કે રોકાણકારો સંઘીય સરકારને લોન આપવા તૈયાર છે. જોકે નિષ્ણાતો માને છે કે આવનારા દાયકામાં દેવાનો આ માર્ગ રાષ્ટ્રીય સુરક્ષા, સામાજિક સુરક્ષા અને સ્વાસ્થ્ય જેવા અનેક મોટા કાર્યક્રમો સામે જોખમ પેદા કરશે.

## ISROની મોટી સિદ્ધિ SpaceX સાથે મોટો કરાર

### GSAT-20નું હવે પછી નવું નામ GSAT-N2નું રખાશે

■ ન્યૂયોર્ક

ભારતીય સ્પેસ એજન્સી ઈસરોએ (ISRO) અને ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સ (SpaceX) સાથે કરાર કર્યો છે જેમાં ઈસરોના 4.7 ટનના સેટેલાઈટ જીસેટ-20 (GSAT-20) જેનું ટૂંક સમયમાં જ નવું નામ જીસેટ એન2 (GSAT-N2) રાખવામાં આવશે તે સ્પેસએક્સના રોકેટ ફાલ્કન-9 રોકેટ દ્વરા લોન્ચ કરવામાં આવશે. આ સેટેલાઈટને આ વર્ષના બીજા ક્વાર્ટરમાં લોન્ચ કરવાની યોજના છે.ભારતીય સ્પેસ એજન્સીની વ્યાપારી શાખા ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિ. (NSIL)એ ગઈકાલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ વધારે ક્ષમતા વાળા સેટેલાઈટનો હેતુ ભારતના બ્રોડબેન્ડ કમ્યુનિકેશનને પ્રોત્સાહન આપવાનો છે, ખાસ કરીને દેશના એવા વિસ્તારોમાં કે જ્યાં હજુ પણ બ્રોડબેન્ડથી અનકનેક્ટેડ છે. આ સેટેલાઈટનું વજન 4,700 કિગ્રા છે, જે ISROની વર્તમાન સર્વોચ્ચ અવકાશયાન પ્રક્ષેપણ ક્ષમતા 4,000 કિગ્રા કરતાં વધુ છે. ISRO પાસે હાલમાં સૌથી વધુ ક્ષમતાવાળા રોકેટ GSLV-MK3 છે જે 4 હજાર કિલો વજનના સેટેલાઈટને જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ (GTO)માં લઈ જઈ શકે છે. GSAT-20નું વજન આ ક્ષમતા કરતા 700 કિલો વધુ છે. આ જ કારણ છે કે ઈલોન મસ્કની સ્પેસ એજન્સી સ્પેસએક્સની સેવાઓ પ્રથમવાર લેવામાં આવી રહી છે. ફાલ્કન-9 (falcon-9) રોકેટ 8,300 કિલોગ્રામ વજનના સેટેલાઇટને જીટીઓ સુધી પહોંચાડી શકે છે.

**એન્ટી મુસ્લિમ ફોબિયા**

## ન્યૂજર્સીની મસ્જિદના ઈમામની મસ્જિદ બહાર ગોળીઓ મારી હત્યા





### અમેરિકાના સૌથી મોટા મુસ્લિમ નાગરિક અધિકાર સંગઠન કાઉન્સિલ ઓન અમેરિકન -ઈસ્લામિક રિલેશન્સ ઈન ન્યૂજર્સી દ્વારા પણ લોકોને આ બાબતે કોઈ જાણકારી હોય તો પોલીસ સાથે શેર કરે...

**ન્યૂયોર્કઃ** અમેરિકામાં ન્યૂજર્સી શહેરમાં એક મસ્જિદના ઈમામની મસ્જિદ બહાર ગોળીઓ મારીને હત્યા કરી નાંખવામાં આવી છે. હત્યા પાછળનુ કારણ જાણવા નથી મળ્યુ પણ સ્થાનિક તંત્રે પૂજા સ્થળોની સુરક્ષા મજબૂત કરવા માટે જાહેરાત કરી છે. ઈમામનુ નામ હસન શરીફ હોવાનુ બહાર આવ્યુ છે. ગર્વનર ફિલ મર્ફીના કહેવા પ્રમાણે ઈમામને કોણે અને કેમ ગોળી મારી છે તેની જાણકારી સામે આવી નથી. તેમણે કહ્યુ હતુ કે, મુસ્લિમ સમુદાય સામેના અપરાધોમાં વધારો થઈ રહ્યો હોવાના કારણે હું ચિંતિત છું અને હું આશ્વાસન આપવા માંગુ છું કે, મુસ્લિમ ધર્મ સહિત તમામ ધર્મોના પ્રાર્થના સ્થળો પર લોકોની સુરક્ષા માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવશે. ઈમામને ગોળી મારવાની ઘટના અમેરિકન સમય પ્રમાણે સવારે 6 વાગ્યે બની હતી. તેમને નજીકના હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ટુંકી સારવાર બાદ તેમનુ મોત થયુ હતુ. આ ઘટનામાં પોલીસે હજી કોઈની ધરપકડ કરી નથી. પોલીસનુ કહેવુ છે કે, તપાસ ચાલી રહી છે અને મસ્જિદ પાસે પણ કેટલીક જાણકારી માંગવામાં આવી છે. ઈમામની હત્યા બાદ અમેરિકાના સૌથી મોટા મુસ્લિમ નાગરિક અધિકાર સંગઠન કાઉન્સિલ ઓન અમેરિકન -ઈસ્લામિક રિલેશન્સ ઈન ન્યૂજર્સી દ્વારા પણ લોકોને આ બાબતે કોઈ જાણકારી હોય તો પોલીસ સાથે શેર કરવા માટે અપીલ કરવામાં આવી છે.


# યુએસ પ્રમુખપદની ચૂંટણી 2024 « એક ઉમેદવાર 81 વર્ષના છે અને બીજા 77 વર્ષના છે, પ્રથમ વખત બે વડીલો વચ્ચે જોરદાર સ્પર્ધા થશે

### અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણી વિશ્વની સૌથી મોંઘી ચૂંટણી

■ વોશિંગ્ટન

અમેરિકામાં વર્ષ 2024માં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવા જઈ રહી છે, જેને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. અમેરિકાની પ્રમુખપદની ચૂંટણી માત્ર દેશ માટે જ નહીં પરંતુ અન્ય ઘણા દેશો માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ જ કારણસર આ ચૂંટણીમાં તમામ પક્ષો પોતાની તમામ તાકાતનો ઉપયોગ કરે છે છે. એક તરફ, થોડા દિવસો પહેલા જ કોલોરાડોની સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં ડોનાલ્ડ ટ્રમ્પને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠેરવ્યા છે, તો બીજી તરફ ડેમોક્રેટિક પાર્ટીના જો બાઈડેન ફરી એકવાર ચૂંટણી મેદાનમાં પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. ઉતર્યા છે. આ પછી પણ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ આ વખતે પણ જો બાઈડેનને ટક્કર આપતા જોવા મળી રહ્યા છે. અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણીને વિશ્વની સૌથી મોંઘી ચૂંટણી માનવામાં આવે છે. આ વર્ષની ચૂંટણી તેના ઈતિહાસની સૌથી મોંઘી ચૂંટણી હશે.

**અમેરિકાની ચૂંટણી ઘણા દેશો માટે મહત્વની છે**



અમેરિકાની પ્રમુખપદની ચૂંટણી જેટલી મહત્વની માનવામાં આવે છે, તેના આયોજન માટે તેટલો જ ખર્ચ થાય છે. આ સમાચારમાં, અમે તમને અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણી સાથે જોડાયેલા પ્રશ્નોના જવાબો આપીશું, આ ચૂંટણીમાં કેટલો ખર્ચ થાય છે, તેને ફંડ ક્યાંથી મળે છે, કેવી રીતે ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે અને આ વખતે કેટલા ચહેરાઓ રેસમાં સામેલ છે. અમેરિકા તેના ઈતિહાસમાં પ્રથમ વખત સૌથી વૃદ્ધ લોકોમાંથી પોતાના ઉમેદવારને પસંદ કરવા જઈ રહ્યું છે. વાસ્તવમાં, વ્હાઇટ હાઉસમાં પોતાની બીજી ઈનિંગ મેળવવા ઈચ્છતા જો બાઈડેન 81 વર્ષના છે અને તેમના હરીફ ડોનાલ્ડ ટ્રમ્પ 77 વર્ષના છે. અત્યાર સુધીના સર્વેમાં બંને વચ્ચે ગાઢ સ્પર્ધા જોવા મળી છે. તેઓ એકબીજાને તીવ્ર સ્પર્ધા આપી રહ્યા છે. સાથે જ આ રેસમાં ભારતીયો પણ સામેલ છે. ખરેખર, આ વખતે નિક્કી હેલી અને રામાસ્વામી પણ ચૂંટણીમાં નસીબ અજમાવવા આવ્યા છે.

### વાયબ્રન્ટ ગુજરાત 2024: તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી

# વાઈબ્રન્ટ સમિટ માટે 80 કરોડના ખર્ચે ગાંધીનગર શહેરને સજાવવામાં આવ્યું

## સેન્ટ્રલ વિસ્ટાથી એરપોર્ટ રોડ અને વૈષ્ણોદેવી સુધી કાયાપલટ

■ ગાંધીનગર

સરકાર દ્વારા આગામી 10 થી 12 જાન્યુઆરીના રોજ ગાંધીનગર ખાતે વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ 2019 બાદ પ્રથમ વખત વાઈબ્રન્ટ સમિટનું આયોજન થવા જઈ રહ્યું છે. જેમાં દેશ વિદેશના મહાનુભાવો, વિવિધ ક્ષેત્રના તજજ્ઞો અને ઉદ્યોગ સાહસિકો હાજર રહેશે. આ દરમિયાન તંત્ર દ્વારા શહેરની કાયાપલટ કરી દેવામાં આવી છે. અંદાજીત 80 કરોડથી વધુના ખર્ચે વિવિધ વિભાગોના બજેટ થકી શહેરમાં વિકાસકાર્યો કરવામાં આવી રહ્યાં છે. સેન્ટ્રલ વિસ્ટાથી લઈને એરપોર્ટ રોડ અને વૈષ્ણોદેવી સુધી કાયાપલટ કરવા તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરાઈ રહી છે. વિદેશી મહેમાનોને આકર્ષવા માટે એરપોર્ટથી લઈને મહાત્મા મંદિર સુધીના તેમજ વાયબ્રન્ટના રૂટ પરના તમામ રોડ રસ્તાનું નવીનીકરણ કરી દેવામાં આવ્યું છે. સિટી બ્યુટીફિકેશન અને લોંગ ટર્મ ડેવલપમેન્ટના કામો માટે મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા)ને કુલ 70 કરોડ રૂપિયાની ફાળવણી કરવાનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. જ્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તમામ મુખ્ય માર્ગોના રિનોવેશન સહિત રોશની અને અન્ય સમારકામનું થઈને અન્ય 10 કરોડ મળીને કુલ 80 કરોડના ખર્ચે શહેરને શણગારવામાં આવી રહ્યું છે. રાજ્યમાં વાઈબ્રન્ટ સમિટ યોજાઈ રહી છે ત્યારે વિવિધ દેશોના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મંત્રીઓ અને બિઝનેસમેન ગાંધીનગર આવશે. તેથી તેમના પ્રોટોકોલ અને પદ મુજબ તેમને કારો આપવામાં આવશે. સરકાર આના માટે કોન્ટ્રાક્ટ બહાર પાડતી હોય છે.








# મોઢેરામાં સામૂહિક સૂર્ય નમસ્કારનો વિશ્વવિક્રમ રચાયો

## યોગ, સૂર્ય નમસ્કારને રોજિંદી જીવનશૈલીમાં અપનાવો : CM

■ બહુચરાજી

મોઢેરાનું સૂર્યમંદિર 2024ના વર્ષના પ્રથમ સૂર્યોદયના કિરણ સાથે સામુહિક સૂર્ય નમસ્કારના વિશ્વ વિક્રમનું સાક્ષી બન્યું છે. સોમવારે ગુજરાતમાં એકસાથે 108 સ્થળોએ 50 હજારથી વધુ લોકોએ સામૂહિક સૂર્ય નમસ્કાર દ્વારા વર્ષ 2024નો ભારતનો પ્રથમ રેકોર્ડ ગિનિસ બુકમાં નોંધાવવાની સિદ્ધિ હાંસલ કરી છે. રમતગમત યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા મોઢેરા ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના સૂર્ય નમસ્કાર કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આ સ્પર્ધાના રાજ્ય કક્ષાના પ્રથમ ત્રણ વિજેતાઓને અનુક્રમે રૂ.2.50 લાખ, 1.75 લાખ અને 1 લાખનું રોકડ ઈનામ આપી સન્માન કરાયું હતું. નવું વર્ષ નવી ઊર્જા અને ઉષ્મા સાથે દરેકના જીવનમાં આનંદ અને ઉમંગ લાવનારું બની રહેશે.



## NEWS FILE

### આણંદના કનેવાલ તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે



આણંદ: આણંદ જિલ્લામાં પ્રવાસનને વધુ વેગ આપવા માટે તારાપુર તાલુકાના વલ્લી નજીક આવેલા કનેવાલ તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવનાર છે. જે અંતર્ગત જિલ્લા કલેક્ટર પ્રવિણ ચૌધરી અને જીલ્લા વિકાસ અધિકારી મિલિંદ બાપનાએ કનેવાલ તળાવની સ્થળ મુલાકાત લઈ તળાવની ભૌગોલિક સ્થિતિનું નિરીક્ષણ કર્યુ હતું. આ મુલાકાત સમયે સિંચાઈ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરે કનેવાલ તળાવની ભૌગોલિક સ્થિતિ તથા તેમાં કાર્યરત સિંચાઈ અને પાણી પુરવઠાની વિવિધ યોજનાઓ વિશેની માહિતી કલેક્ટર અને જીલ્લા વિકાસ અધિકારીને આપી હતી.

### 22 જાન્યુઆરીએ રાજ્યમાં રજા જાહેર કરો: યોગેશ પટેલ

વડોદરા: વડોદરાની માંજલપુર બેઠકના ધારાસભ્ય યોગેશ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, સદીઓના સંઘર્ષ બાદ તા. 22 જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અયોધ્યા ખાતે શ્રી રામ લલ્લાની મુર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. રાજયના તમામ અબાલ-વૃધ્ધો, શ્રધ્ધાળુઓ ધાર્મિક સંગઠનો-મંદિર પ્રતિષ્ઠાનો આ ભવ્ય કાર્યક્રમોનું જીવંત પ્રસારણ માણી શકે એ માટે તા.22 જાન્યુઆરી-2024ના રોજ રાજયમાં રજા જાહેર કરવા શિવ પરિવાર વતી આપને નમ્ર વિનંતી છે.

### ફરી માઠા સમાચાર, 8, 9 અને 10 જાન્યુઆરીએ માવઠું પડશે



અમદાવાદ: આગામી સાત દિવસને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આગામી 3-4 દિવસ રાજ્યનું વાતાવરણ સૂકું રહેશે. ત્યાર બાદ પાંચમા દિવસથી રાજ્યના કેટલાક ભાગોમાં છૂટો-છવાયો વરસાદ વરસી શકે છે. આગામી 8, 9 અને 10 જાન્યુઆરીએ સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વરસાદ વરસી શકે છે, તો સાથે જ ઠંડીનું જોર પણ યથાવત્ રહેશે.આગામી ચાર દિવસ બાદ પાંચમાં અને છઠ્ઠા દિવસે, એટલે કે તારીખ 8 અને 9 જાન્યુઆરીએ સૌરાષ્ટ્ર અને ગુજરાતના અન્ય જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે.


# મુખ્યમંત્રીએ ગાંધીનગરથી 201 નવીન બસોને લીલીઝંડી આપી

## 33 જિલ્લાના 78 ડેપો દ્વારા આ બસોનું સંચાલન કરાશે

■ ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રામકથા મેદાન-ગાંધીનગર ખાતેથી નાગરિકોની પરિવહન સેવામાં 201 નવીન બસોને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે રાજ્યના વાહન વ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ આ અદ્યતન બસોનું નિરીક્ષણ કર્યું હતું, જ્યારે વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવોએ બસની મુસાફરી પણ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રગતિના પાયારૂપ બાબતોમાં અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોડ કનેક્ટીવીટી, અને જાહેર પરિવહન સેવાને દેશની ગતિશીલતાનો આધાર ગણાવી છે. તે જ દિશામાં આગળ વધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મક્કમ નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ દ્વારા સામાન્ય અને છેવાડાના નાગરીકો સુધી જાહેર પરિવહનની ઉત્તમ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

### સલામત સવારી, સુરક્ષિત સવારીની સુવિધામાં વધારો થતાં મુસાફરો ખુશખુશાલ



આ સેવાઓમાં વધારો કરવા રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2022-23 અને 2023 -24માં મળી કુલ 2812 જેટલી નવીન બસો પૂરી પાડવાનું આયોજન છે. જે પૈકી આજે ગાંધીનગર ખાતેથી 170 સુપર એક્સપ્રેસ અને 21 સ્લીપરકોચ મળી કુલ 201 નવીન બસોનું લોકર્પણ કરવામાં આવ્યું હતું. આ બસો 33 જિલ્લાના 78 ડેપો દ્વારા 125 વિધાનસભા ક્ષેત્રોમાં સંચાલિત થશે અને નાગરિકોને ઉત્તમ પરિવહન સેવાઓ પૂરી પાડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા દરરોજ 8 હજારથી વધુ બસોથી રાજ્યમાં કુલ 33 લાખ કિલોમીટર રૂટનું સંચાલન કરી, 25 લાખથી વધુ મુસાફરોને તેમના ગંતવ્ય સ્થળ સુધી સલામત અને સમયબદ્ધ બસ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત વાર-તહેવાર અને ધાર્મિક કાર્યક્રમો દરમિયાન વધારાની બસો પણ દોડાવવામાં આવે છે.

### સુરતમાં 70 લાખ વચ્ચે માત્ર 35 મશીન, માત્ર સફાઈ એકવાર

# મશીનો ઓછા હોવાથી સ્વચ્છતા રેન્ક પર અસર, આ વર્ષે કયો નંબર આવશે?

## 40 લાખની વસ્તીવાળા ઈન્દોરમાં 23 સ્વિપર, ત્રણ વાર સફાઈ

■ સુરત

40 લાખની વસ્તીવાળા ઈન્દોરમાં 23 સ્વિપર મશીનો 24 કલાકમાં 3 વખત સફાઈ કરે છે. તેની સામે 70 લાખની વસ્તીવાળા સુરત શહેરમાં માત્ર 35 મશીન જ છે અને તે પણ રાત્રે એકવાર સફાઈ કામગીરી કરી રહ્યા છે. ઉપરાંત 7 મશીનઆઉટ ડેટેડ થઈ ગયા છે. બીજી તરફ ઈન્દોર છેલ્લા 5 વર્ષથી દેશમાં સૌથી સ્વચ્છ શહેરનો એવોર્ડ લઈ જાય છે અને સુરતે બીજા ક્રમે સંતોષ માનવો પડે છે. અલબત્ત, રોડ સફાઈ એક માત્ર પેરામીટર નથી છતાં સ્વચ્છતામાં તેનો નોંધપાત્ર હિસ્સો છે. આ સ્થિતિમાં આગામી દિવસોમાં સ્વિપર મશીન પર વધુ ભાર મુકાશે. હાલમાં પાલિકા પાસે પોતાના 14 અને કોન્ટ્રાક્ટના 14 મળી 28 મશીન છે. જ્યારે તાજેતરમાં વર્કશોપ વિભાગે વધુ 7 મશીન ખરીદ્યા છે. આ ઉપરાંત વધુ મશીનો ખરીદવા પણ વિચારણા છે. હાલમાં સ્વિપર મશીનો રોજ 12 કલાકમાં 42 કિમી સફાઈ કરે છે. હવે દસેક દિવસમાં જ સ્વચ્છ સર્વેક્ષણનાં પરિણામ જાહેર થશે ત્યારે સુરતના ક્રમ બાબતે સૌની મીટ મંડાયેલી છે. ઉલ્લેખનીય છે કે, ઈન્દોરનો વિસ્તાર 281 સ્કવેર કિમી છે, જ્યારે સુરતનો 500 સ્ક્વેર કિમી છે.

પાલિકાએ છેલ્લા 2 વર્ષમાં શહેરના રસ્તાઓ પરથી 27,000 ટન ધૂળ ઉલેચી છે. જેની દૈનિક સરેરાશ 35થી 40 ટન થાય છે. વાહનો પર જીપીએસ લગાડેલા હોવાથી મશીનની કામગીરી ઉપર ઓનલાઈન વોચ રહે છે. જ્યારે તેના રૂટ અને સમય જે તે વિસ્તારની પરિસ્થિતિ મુજબ સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા નક્કી કરવામાં આવે છે.




### કોન્ટ્રાક્ટવાળા મશીનો સાથે ફરતા મજૂરો ગાયબ, કોણ શહેરની સફાઈ કરશે?

મહાપાલિકા કોન્ટ્રાક્ટના 14 મશીન થકી કામગીરી કરાવે છે, પરંતુ શરત મુજબ આ મશીનો સાથે તેના રૂટની બહારનો કચરો સાફ કરવા માટે જે મજૂરો હોવા જોઈએ તે ગાયબ જણાયા હતા. દરમિયાન લિંબાયત અને વરાછા વિસ્તારમાં મશીન તો કામ કરતા હતા, પરંતુ મજૂરો ગાયબ હતા. જ્યારે ખરવર નગર વિસ્તારમાં મશીન સાથે ટ્રેકટર ચાલી રહ્યું હતું, પરંતુ શ્રમિકો સફાઈ કરવાને બદલે બેસી રહ્યા હતા.

### સ્વિપર મશીનના પાર્ટ્સ વિદેશથી આવે છે, ક્યારે આવશે પાર્ટ્સ?

આ મિકેનાઈઝ્ડ સ્વીપિંગ મશીનનાં પરિણામો સારા છે પરંતુ સ્પેરપાર્ટ્સ વિદેશથી આવતા હોવાથી કયારેક વિલંબ થાય છે. મહત્વનું છે કે, પાલિકાના સ્વિપર મશીનો રાજ્યભરમાં વડા પ્રધાનની મુલાકતના સ્થળો માટે, સ્ટેટચ્યુ ઓફ યુનિટી તેમજ ઘોરડો ખાતે પણ મંગાવવામાં આવે છે. આમ પાલિકા પણ સ્વિપર મશીનો પર મોટો મદાર રાખી રહી છે. સ્વચ્છ ભારતની ગાઈડલાઈન મુજબ આ પ્રકારે સફાઈ કામગીરી કરવાની સીધી સૂચના છે. ઉપરાંત સ્વિપરની કામગીરી એટપાર છે. હાલમાં જ ગટરના મેઈન હોલ સાફ કરવા પણ મશીનો મંગાવ્યાં છે.

### સુરત મનપાનું વર્ષ 2022-23નું 6970 કરોડનું બજેટ કરાયું હતું મંજૂર

સુરત મહાનગરપાલિકાના તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની દ્વારા સુરત મનપાનું 2022-23 નું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. કમિશનર દ્વારા 6970 કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં વિકાસના કામો માટે 3183 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. બજેટમાં મેટ્રોના કામ પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. શહેરમાં સફાઈ માટે પણ ખાસ જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ તેમ છતાં કોણ જાણે શહેરમાં સાફ-સફાઈને ગ્રહણ લાગ્યું અને હજુ પણ આ મામલે તંત્ર સાવ નિષ્ફળ પૂરવાર થયું હોય તેવું લાગે છે.

### દર મહિને સ્વીપર મશીન પાછળ 50 લાખનો થાય છે ખર્ચ

જૂન 2019માં મહાનગરપાલિકાએ શહેરના રસ્તાઓની સફાઈ માટે પાંચ વર્ષમાં લગભગ 75 કરોડ રૂપિયા ખર્ચવાનું નક્કી કર્યું હતું. આ માટે ખાનગી એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. મનપાએ અત્યાર સુધીમાં 40 કરોડથી વધુ રકમ ખાનગી એજન્સીને આપી છે. જાન્યુઆરી 2022 થી દર મહિને લગભગ 50 લાખ વધુ ખર્ચ કરવામાં આવી રહ્યા છે. સુરત મહાનગરપાલીકાનું સોલિડ વેસ્ટ ડિપાર્ટમેન્ટ આ કામગીરી જોય છે. 31 ડિસેમ્બર 2021 સુધી, એક સ્વીપર મશીન દરરોજ 28 કિમી રોડ સાફ કરવા માટે વપરાય છે. ઝોનના અધિકારીઓની ડિમાન્ડ પર પહેલી જાન્યુઆરી 2022થી એક સ્વીપર મશીનને 42 કિમી સુધી રસ્તો સાફ કરવા જણાવ્યું હતું. જેના કારણે દર મહિને 50 લાખનો ખર્ચ વધ્યો છે. પરંતુ હજુ સુધી શહેરની સફાઈ બરાબર રીતે થતી નથી તેવું સામે આવ્યું છે.

# વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ ડિસ્ટ્રીકટનો કાર્યક્રમ

## સૌરાષ્ટ્ર- કચ્છમાં 22,788 કરોડના કરાર, 7,150 કરોડના MoU

■ રાજકોટ

20 વર્ષ પહેલા ગુજરાતના ભવિષ્યને પેલે પાર જોઈ શકવાની દીર્ઘદ્રષ્ટી સાથે તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના સાયન્સ સિટી ખાતે પ્રથમ વાઈબ્રન્ટ સમિટ શરૂ કરાવી હતી ત્યારે હાલ ચાલી રહેલી વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત સૌરાષ્ટ્ર- કચ્છમાં 22,788 કરોડના કરાર થયાં છે તો 7,150 કરોડના MoU સાથે રાજકોટ અગ્રેસર રહ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ 2024માં વાઈબ્રન્ટ સમિટ વિશાળ વટવૃક્ષ બની ગયું છે.ગુજરાતના વિકાસમાં સૌરાષ્ટ્રના વિશાળ મેદાની પ્રદેશમાં વિકસીત ઉદ્યોગોનો એક અલગ જ દબદબો રહ્યો છે. રાજકોટનો એન્જિનિયરિંગ અને ઓટોમોબાઈલ ઉદ્યોગ, જામનગરનો બ્રાસ પાર્ટ્સ ઉદ્યોગ, મોરબીનો સિરામિક ઉદ્યોગો વિકસિત થયા છે.




# દેશ કા એક્સ્પોની તૈયારીઓ શરૂ « રાજકોટમાં 25 એકરમાં GPBS 2024 યોજાશે, 1100 સ્ટોલ્સની દેશ-વિદેશના લોકો લેશે મુલાકાત

## 7 જાન્યુઆરીએ મુખ્યમંત્રીનાં હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે

■ રાજકોટ

રાજકોટમાં આગામી તા.7થી 10 જાન્યુઆરી 2024 દરમિયાન રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વ્યાપાર-ઉદ્યોગ જગતને વૈશ્વિક ફલક પર પહોંચાડવા માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનું પ્લેટફોર્મ પુરૂ પાડવા રાજકોટની ક્રાંતિકારી સંસ્થા સરદારધામનાં નેજા હેઠળ દેશ કા એક્સ્પો GPBS 2024નું આયોજન કરવામાં આવ્યું છે. 25 એકરની વિશાળ જગ્યામાં યોજાનાર આ બિઝનેસનાં મહાકુંભ સમાન એક્સ્પોમાં 25 એકર વિશાળ જગ્યામાં 1100 જેટલા સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા છે. દેશ-વિદેશના લોકો મોટી સંખ્યામાં આ એક્સ્પોની મુલાકાત લેશે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રનાં વેપાર-ઉદ્યોગને વેગ મળશે. 7 જાન્યુઆરીનાં રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ એક્સ્પોનું ઉદ્ઘાટન કરવામાં આવશે. રાજકોટના નવા રીંગરોડ ખાતે એક લાખ ચોરસ મીટર જગ્યામાં વિવિધ કેટેગરીના 13 આધુનિક પેવેલિયનમાં એર કન્ડિશન ડોમ ઉભા કરવામાં આવ્યા છે.

### સર્વે સમાજનાં ઉદ્યોગપતિઓ-વેપારીઓ ભાગ લેશે



GPBS 2024નાં કન્વીનર અને સીરામીક ટાઈલ્સનાં ઉદ્યોગ સાથે સંકળાયેલા નિલેશ જેતપરિયાએ જણાવ્યું હતું કે, PM મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવાના ધ્યેય સાથે રાજકોટ ખાતે 25 એકરમાં આ એક્સ્પોનું આયોજન કરાયું છે. જેમાં દેશ જ નહીં વિદેશના સર્વે સમાજનાં ઉદ્યોગપતિઓ તેમજ વેપારીઓ ભાગ લેશે. સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણના સ્લોગન સાથે મિશન 2026 અંતર્ગત સરદાર ધામ દ્વારા 2018 થી GBPS એક્સ્પોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સર્વ સમાજના ઉદ્યોગપતિ દ્વારા રાષ્ટ્રનિર્માણમાં યોગદાન થકી મેક ઈન ઈન્ડિયાનું સ્વપ્ન સાકાર કરવાના ભાગરૂપે GBPS દેશ કા એક્સ્પોમાં સ્ટોલ બૂક કરવામાં આવ્યા છે.

## NEWS FILE

### કચ્છ માટે ગૌરવની ક્ષણ, ઊંટડીના દૂધને મળી માન્યતા



કચ્છઃ ઊંટડીના દૂધને તેના સ્વાસ્થ્ય લાભોને ધ્યાનમાં રાખીને સફેદ સોનું કહેવામાં આવે છે.ચાંદરાણી સ્થિત સરહદ ડેરી ના કેટલ ફીડ પ્લાન્ટ ખાતે "રાજસ્થાન રાજ્ય બીજ અને ઓર્ગેનિક સર્ટિફિકેશન એજન્સી" (RSSOCA) ના ચીફ સર્ટિફિકેશન ઓફિસર રાજેન્દ્ર નૈનાવત દ્વારા રૂબરૂ કેમલ મિલ્ક ઓર્ગેનિક તરીકે નું પ્રમાણિત સર્ટીફિકેટ અમૂલ GCMMFના વાઈસ ચેરમેન તથા સરહદ ડેરી ના ચેરમેન વલમજીભાઈ હુંબલને આપવામાં આવ્યું. જે સમગ્ર ભારત માં પ્રથમ વખત કચ્છની સરહદ ડેરી ને મળ્યું છે અને વર્ષ 2017 માં ઊંટડીના દૂધનું સંગ્રહ શરૂ કર્યું.

### દુબઈની ફ્લાઈટ ટેકઓફ કરાવવા સ્પાઈસ જેટની તૈયારી

સુરતઃ એર ઈન્ડિયા એક્સપ્રેસ એરલાઈન્સની શારજાહ-સુરત-શારજાહ અને સુરત-દુબઈ-સુરતની ફ્લાઈટ ભરાઈ ભરાઈ જઈ રહી છે, ત્યારે સ્પાઈસ જેટ એરલાઈન્સે પણ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી સુરત-દુબઈ-સુરતની ફ્લાઈટ ટેકઓફ કરવાની તૈયારી શરૂ કરી છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી એર ઈન્ડિયા એક્સપ્રેસ એરલાઈન્સે શારજાહ-સુરત-શારજાહ બાદ દુબઈ-સુરત-દુબઈની ફ્લાઈટ શરૂ કરી છે. આવી સ્થિતિથી જ સુરત એરપોર્ટ પર ઈન્ટરનેશનલ પેસેન્જરોની અવર જવર 12 મહિનામાં 4,107થી વધીને સીધી જ 7,349 પર પહોંચી ગઈ છે.

### વાપીમાં આયુષ્યમાન આરોગ્ય મંદિરનું લોકાર્પણ- ખાતમુહૂર્ત



વલસાડઃ વલસાડ જિલ્લાના વાપી ખાતે રેલવે સ્ટેશનની બાજુમાં વાલ્મિકી આવાસ ખાતે રૂ. 1.19 કરોડના ખર્ચે નિર્માણ થનાર આયુષ્યમાન આરોગ્ય મંદિરનું ખાતમુહૂર્ત અને ચણોદ ખાતે રૂ. 22 લાખના ખર્ચે તૈયાર થયેલા આયુષ્માન આરોગ્ય મંદિરના નવનિર્મિત મકાનનો લોકાર્પણ સમારોહ રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષપદે યોજાયો હતો. આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વાપી તાલુકા પંચાયતની બાજુમાં 125 બેડની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આગામી ડિસેમ્બર માસ સુધીમાં તૈયાર કરાશે.

# ઈશ્વરની લાઠીમાં અવાજ નથી હોતો જેને એ વાગે છે એ પાછો ઊભો થઈ શકતો નથી



## ઋણાનુબંધ

ભાવના પટેલ

**નવલકથા - પ્રકરણ - 14**

પાંચ મિનિટમાં જ ઝમકુ ડોક્ટરને લઈને આવી ગઈ. ઈન્સ્પેક્ટરે ડોક્ટરને બાજુમાં બોલાવીને ઝડપથી પરિસ્થિતિથી વાકેફ કર્યા ને કહ્યું કે 'એમને ઘેનનું ઈન્જેક્શન આપી દો, એના વગર એ શાંત નહીં થાય. એક કલાકથી એમની આવી જ હાલત છે.' ડોક્ટરે માથુ હલાવ્યું અને લક્ષ્મીપ્રસાદનું બી.પી. માપવા માંડ્યા. પરંતુ એમણે એક ઝાટકે જ બી.પી. મશીનનો ઘા કરી દીધો.'હવે બધાએ પકડી રાખ્યા ને ડોક્ટરે એમને ઈન્જેક્શન આપી દીધું. ધીરે-ધીરે એમની તાકાત ઓસરતી ગઈ અને એ ઘેનમાં સરી પડ્યાં. એમને બધાએ ઉઠાવીને પલંગમાં સુવડાવ્યા.

તુલસી બારણે ઉભી-ઉભી આ બધો જ તાલ જોઈ રહી હતી. શું બન્યુંછે એને કશી ખબર નહોતી.

ઈન્સ્પેક્ટરે તો ધારેલું કે, આ વાત સાંભળીને રૂખીબેન આવું બધું કરશે. લક્ષ્મીપ્રસાદને તો એ બહુ જ મજબૂત મનના માનતા હતા. રૂખીબહેન સોફામાં બેસીને રડતા હતા.

આ બધું જોઈને હવે તુલસીને લાગ્યું કે, કઈક અજુગતું બન્યું છે. એ ધીરે પગલે ઈન્સ્પેક્ટર પાસે આવીને બોલી 'શું વાત છે ઈન્સ્પેક્ટર? આ બધું શું છે?' હવે ઈન્સ્પેક્ટરને કહ્યા વગર છૂટકો જ ક્યાં હતો.

અખિલનો અકસ્માત થયો છે. એ બસમાં બેસીને દિલ્હી જઈ રહ્યો હતો, ત્યારે ઉદયપુર પાસે આખી બસ ખાઈમાં પડી ગઈ. કોઈ જ બચ્યું નથી.

'મારી શુભા?' આટલું બોલતાં તો એ બેભાન થઈ ગઈ. પરંતુ નીચે પટકાય એ પહેલા ઈન્સ્પેક્ટરે ત્વરાથી એને પકડી લીધી. એને પણ ઊંચકીને એના રૂમમાં સુવાડી દીધી, અને એની બાજુમાં ઝમકુને બેસાડી.

ઈન્સ્પેક્ટરે બધી જ વાત જણાવી. કાલે બપોર પછી ગમે ત્યારે એ લોકો ડેડબોડીને લઈને અહીં પહોંચશે. તમારે સગા-વ્હાલાને જાણ કરવી હોય તો કરી દો.

લક્ષ્મીપ્રસાદ સવારે સાત વાગે ઉઠ્યા. ઉઠ્યા એવાજ 'જુઓ-જુઓ મારી શુભા આવી ગઈ.' કહીને દોડ્યા. માંડ પકડીને પાછા બેસાડ્યા પરંતુ એમનું બોલવાનું તો ચાલુ જ રહ્યું 'જો-જો મારી શુભા મને હથેળીમાં સ્ટાર બતાવે છે. અમારે ગુલાબ જોવા જાવાનું છે. મેં એને કીધુ'તુ. જોઈ મને બરકે છે. જાવાદયો કહું છું મને જાવાદયો.'

આઘાતને લીધે એમના મગજ પરનું સંતુલન એ ગુમાવી બેઠા હતાં. તો તુલસીની હાલત પણ સારી નહોતી. બહુ જ રડતી હતી ને ફરી બેભાન થઈ જતી હતી. પાછી ભાનમાં આવતી હતીને રડતી હતી. લક્ષ્મીપ્રસાદને નિયંત્રણમાં રાખવા અઘરા હતાં, તેથીએ મને ફરી ઘેનનું ઈન્જેક્શન આપીને સુવાડી દીધા. લક્ષ્મીપ્રસાદને અને તુલસીને બંનેને સલાઈન ચડાવવાનું ચાલુ કર્યું. રૂખીબહેન જેવી ભારાડી સ્ત્રી પણ ઢીલી થઈ ગઈ હતી. સગાવહાલાં પણ બધા આવવા લાગ્યા હતા. બપોરે લગભગ ત્રણ વાગ્યે ડેડબોડી વાન આવી ગઈ. બંનેને મર્યે ચોવીસ કલાક કરતા વધારે સમય થઈ ગયો હોવાથી વિઘટનની પ્રક્રિયા ચાલુ થઈ ગઈ હતી. તેથી ડેડબોડીને હવે વધારે વખત રાખી શકાય એમ નહોતું.

બંને શબની હાલત ઓળખાય એવી રહી જ નહોતી. એમાંયે ચહેરાતો સાવજ બળી ગયા હતા.

બંનેને કપડામાં વીંટાળી દીધા. અખિલને નનામી સાથે બાંધીદીધો. ઈન્સ્પેક્ટર પણ ત્યાં જ હતાં. એમણે વિચાર્યું કે ,શુભાની આવી હાલત મારાથી નથી જોવાતી તો તુલસીએ કંઈ રીતે જોઈ શકશે? શુભાનું છેલ્લું આવું દર્શન એને બહુ જ



આઘાત આપશે.

તેથી,એમણે ખાસ તાકીદ કરીને શુભાની માત્ર આંખો જ ખુલ્લી રહેને બાકીનું આખું શરીર અને મોં પણ કપડામાં લપેટાવડાવી દીધું.

આ બધી વિધિ પતી ગઈ પછી તુલસીને નીચે લાવવામાં આવી. તુલસી શુભાને વળગીને બેફામ રડી.

'મને એકવાર મા બોલ બેટા, બસ એક જ વાર. મેં તો ભગવાન પાસે માંગેલું કે, ભલે તું મારી પાસે ના હોય, પરંતુ જ્યાં પણ હોય તું સાજી-સારી હોય. તારું આ રીતે પાછું આવવું તો મેં નહોતું માંગેલું દીકરી. તારી આ બદનસીબ મા હવે કેવી રીતે જીવશે?'

તુલસીના હૃદય વિદારક આક્રંદે દરેકને ડુસકે ચડાવ્યા. કોઈપણ વ્યક્તિ એવી નહોતી કે જે રડતી ના હોય. તુલસી રડતી-રડતી ફરી બેભાન થઈ ગઈ.

આઘાતથી મુઢ થયેલા ઘેનની અસરમાં રહેલા લક્ષ્મીપ્રસાદને બેજણાએ પકડીને બંનેની પ્રદક્ષિણા કરાવડાવી ને બંનેના માથા પર લક્ષ્મીપ્રસાદનો હાથ મુકાવ્યો. લક્ષ્મીપ્રસાદને ક્યાં કઈ ભાન હતું જ. ત્યાં હાજર દરેક વ્યક્તિ ધીમા અવાજે એ જ ગુસપુસ કરી રહી હતી. ચાલે તોયે ધમ-ધમ ધરતી ધ્રુજાવતા માણસની આજે કેવી દશા છે! ઈશ્વરની લાઠીમાં અવાજ નથી હોતો, પરંતુ જેને એ વાગે છે એ પાછો ઊભો થઈ શકતો નથી. કેટલાયની હાય ભેગી કરી છે. એકપણ વ્યક્તિ ત્યાં એવી નહોતી કે, જે લક્ષ્મીપ્રસાદ કે રૂખીબહેનનું સારું બોલતી હોય.

રૂખીબહેન પણ અખિલને વળગીને બહુ જ રડેલાં. અખિલને લક્ષ્મીપ્રસાદના હાથે અગ્નિદાહ આપવામાં આવ્યો ને શુભા બાળકી હોવાથી એને દફનાવવામાં આવી.

સમય કદી કોઈ માટે રોકાતો નથી. એ સત્ય છે, પરંતુ એના પસાર થવાનીગતિમાં ક્યારેક આસમાન-જમીનનું અંતર જોવા મળે છે. શુભા પાસે હતી ત્યારે સમય જાણે કે ઉડતો હતો. ખબર જ ના પડી કે ક્યારે સાડા ત્રણ વરસ પસાર થઈ ગયા! આમ જુઓ તો ચાર વરસ, ત્રણ મહિના ને એકવીસ દિવસ બંને મા-દીકરી સાથે હતાં. ગર્ભાવસ્થાનો સમય પણ ગણાય જ ને.

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services
durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

તમારી દિનચર્યા વ્યસ્ત રહેશે, પરંતુ તમારી મહેનતનું સાનુકૂળ પરિણામ મળવાથી તમારું મન પણ પ્રસન્ન રહેશે. તમને કોઈ ફંકશનમાં હાજરી આપવાનું આમંત્રણ મળશે. પરસ્પર વ્યવહારથી દરેકને સુખ મળશે. કોઈ મિત્ર કે સંબંધી પોતાના વચનથી પાછીપાની કરશે તો તમને તણાવમાં આવશે. તેથી, બીજા પાસેથી વધુ પડતી અપેક્ષા ન રાખો અને બીજા પર વિશ્વાસ કરવાને બદલે.

### વૃષભ



(બ.વ.ઉ)

લાભદાયી જનસંપર્ક સ્થાપિત થશે. અટકેલા કામ ફરી શરૂ કરવા માટે સાનુકૂળ સમય છે. તેથી, આ સમય ફક્ત તમારા લક્ષ્ય પર કેન્દ્રિત રહેવાનો છે. જો તમે નવું વાહન ખરીદવાનું વિચારી રહ્યા છો, તો તરત જ અમલ કરો. વધુ પડતા ખર્ચને કારણે આર્થિક સમસ્યા થઈ શકે છે. થોડી સમજદારી વાપરો. ધ્યાન રાખો કે ક્રોધ અને ક્રોધના કારણે તમારા કેટલાક સમાપ્ત થયેલા કામ બગડી શકે.

### મિથુન



(ક.છ.ઘ)

યુવાનો અને વિદ્યાર્થીઓની કારકિર્દીમાં આવતી અડચણો દૂર થશે. નજીકના સંબંધીના આગમનથી ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે. સકારાત્મક પરસ્પર વાતચીત પણ થશે. તમારી સમજદારી અને ચતુરાઈનો ઉપયોગ તમારી પ્રગતિમાં મદદરૂપ થશે. બીજાના અહંકાર અને ગુસ્સાની સામે તમારી ઉર્જા વેડફશો નહીં અને શાંત રહો. ખર્ચની સ્થિતિ રહેશે.

### કર્ક



(ડ.હ)

જો તમે તમારું સ્થાન બદલવાનું વિચારી રહ્યા છો તો ગ્રહોની સ્થિતિ તમારા માટે ખૂબ જ અનુકૂળ છે. જો તમે વાહન ખરીદવાનું વિચારી રહ્યા છો તો આ શ્રેષ્ઠ સમય છે. અચાનક કોઈ અજાણ્યા વ્યક્તિ સાથે મુલાકાત તમારા માટે ફાયદાકારક રહેશે. ગેરસમજને કારણે થોડી વાદ-વિવાદ થશે. મનોરંજન સંબંધિત પ્રવૃત્તિઓ પર વધુ ખર્ચ થવાને કારણે બજેટ બગડી શકે છે.

### સિંહ



(મ.ટ)

તમે કેટલાક ખાસ લોકોને મળી શકો છો. આત્મવિશ્વાસ અને મનોબળની મદદથી તમે કેટલીક નવી સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરશો. અને તમે તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ રહેશો. નકારાત્મક વિચારોને તમારા પર હાવી ન થવા દો. અનુભવી લોકો સાથે સંપર્કમાં થોડો સમય વિતાવો, જો કે, તે પણ કોઈ સરકારી વ્યક્તિની મદદથી ઉકેલવામાં આવશે.

### કન્યા



(પ.ઠ.ણ)

ગ્રહોનું સંક્રમણ યોગ્ય રહે. તમારા કામને સમજી વિચારીને અને શાંતિથી સંભાળવાથી તમને ચોક્કસપણે સફળતા મળશે. સકારાત્મક સ્વભાવના લોકો સાથે સંગત કરવાથી તમારો આત્મવિશ્વાસ અને મનોબળ વધશે. આ સમય ખૂબ જ શાંતિપૂર્ણ રીતે પસાર કરવાનો છે. નકામી વાદવિવાદથી દૂર રહો. પૂર્વજોને લગતી કોઈ બાબતને લઈને તણાવ થઈ શકે છે.

### તુલા



(ર.ત)

તમારી રુચિ હોય તેવી પ્રવૃત્તિઓ માટે થોડો સમય કાઢો. તેનાથી માનસિક ઉર્જા જળવાઈ રહેશે. ફોન કે ઈન્ટરનેટ દ્વારા સંબંધીઓ અને મિત્રો સાથે મેળાપથી રાહત મળશે. વિદ્યાર્થીઓ અને યુવાનો તેમના લક્ષ્યોને પ્રાપ્ત કરી શકશે. પરંતુ એ પણ ધ્યાનમાં રાખો કે ઉતાવળમાં અને ભાવનાઓના કારણે કોઈ નિર્ણય તરત ન લો. નહિંતર, કેટલીક ભૂલો થઈ શકે છે.

### વૃશ્ચિક



(ન.ય)

કલાત્મક પ્રવૃત્તિઓ અને રસપ્રદ કાર્યોમાં દિવસ પસાર થશે. તમને ફોન કોલ દ્વારા મહત્વપૂર્ણ માહિતી મળવાની સંભાવના છે, જે તમારી આર્થિક સ્થિતિ માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. શેર અને જોખમ વાળી પ્રવૃત્તિઓમાં રસ ન લેવો. ગમે ત્યાં વાતચીત કરતી વખતે નકારાત્મક શબ્દોનો ઉપયોગ પણ બદનક્ષીનું કારણ બની શકે છે. આની અસર પરસ્પર સંબંધો પર પણ પડશે.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

જો તમે ભવિષ્ય સંબંધિત કોઈ યોજનામાં પૈસાનું રોકાણ કરવાનું વિચારી રહ્યા છો, તો તમને સારો નફો થશે. તમારે ફક્ત તમારા કાર્યના દરેક પાસાઓ વિશે કાળજીપૂર્વક વિચારવાની અને તેના પર કામ કરવાની જરૂર છે. ધાર્મિક સ્થળોની મુલાકાતને લગતા કાર્યક્રમો પણ બનાવવામાં આવશે. બીજાની વાત પર વિશ્વાસ કરવાને બદલે પોતાના નિર્ણયો જાતે લેવાનું સારું રહેશે.

### મકર



(ખ.જ)

ગ્રહોની સ્થિતિ અનુકૂળ રહે. પરંતુ યોગ્ય સમયનો યોગ્ય ઉપયોગ કરવો એ પણ તમારી ક્ષમતા પર આધાર રાખે છે. મહિલાઓ તેમની અંગત અને વ્યાવસાયિક પ્રવૃત્તિઓ સરળતાથી પાર પાડશે. અને તેના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સખત મહેનત કરશે. વધુ પડતી વ્યસ્તતાને કારણે દિવસની શરૂઆતમાં થોડી ચીડિયાપણું આવી શકે છે. વધુ ભાવુક ન બનો.

### કુંભ



(ગ.સ.શ.ષ)

તમને અનુભવી લોકોનો સાથ મળશે. તમામ પડતર પ્રશ્નો શાંતિપૂર્ણ રીતે ઉકેલવામાં આવશે. બાળકોના ભવિષ્યને લગતી કેટલીક યોજનાઓ પણ ફળશે. પરંતુ તમારા હૃદયને બદલે તમારા મગજનો ઉપયોગ કરો. તેનાથી તમે યોગ્ય નિર્ણયો લઈ શકશો. યુવાનોએ ખાસ ધ્યાન રાખવું જોઈએ કે કોઈ પ્રવૃત્તિને કારણે સમાજમાં બદનામી જેવી સ્થિતિ ઊભી થઈ શકે છે.

### મીન



(દ.ચ.ઝ.થ)

ધાર્મિક કાર્યોમાં રસ વધશે. આજે નજીકના લોકો સાથે મેલ મિટિંગ થશે, તેની સાથે કોઈ ખાસ મુદ્દા પર ફાયદાકારક ચર્ચા પણ થશે. ઘર સુધારણા યોજનાઓ લાગુ કરતી વખતે, વાસ્તુ સંબંધિત નિયમોનું પણ પાલન કરો. વધારે પડતું દેખાડો કરવાની તમારી વૃત્તિને કાબૂમાં રાખો અને સાદગી અપનાવો. કોઈ નજીકના સંબંધી સાથે બિનજરૂરી દલીલમાં ન પડો. અને પરિવાર પર ધ્યાન આપો.

બોલીવુડ અભિનેતા ઉર્વશીએ એનિમલના વિલનને આવકાર આપ્યો

# સાઉથની એનબીકે 109માં ઉર્વશી રૌતેલા અને બોબી સાથે કામ કરશે

## એનબીકે 109 હાલ ફિલ્મનું છે કામચલાઉ નામ

■ મુંબઈ

બોબી દેઓલને સાઉથની ‘એનબીકે ૧૦૯’ નામની ફિલ્મ મળી છે. આ ફિલ્મમાં ઉર્વશી રૌતેલા તેની સહકલાકાર છે. ખુદ ઉર્વશીએ ક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તે અને બોબી દેઓલ સાથે કામ કરી રહ્યા હોવાના સમાચાર આપ્યા હતા. ઉર્વશીએ બોબી સાથે કામ કરવાની તક મળવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. ઉર્વશીએ આ તબક્કે યાદ કર્યું હતું કે સની દેઓલ સાથેની ‘સિંઘ સાહેબ ધી ગ્રેટ’ ફિલ્મથી જ તેને બોલીવૂડમાં એન્ટ્રી મળી હતી. તેણે પોતાને બ્રેક આપવા બદલ દેઓલ પરિવારનો આભાર પણ માન્યો હતો. આ ફિલ્મમાં નંદ મુરારી બાલકૃષ્ણ મુખ્ય અભિનેતા છે. ફિલ્મનું શૂટિંગ શરુ થઈ ચૂક્યું છે. ‘એનિમલ’ની જેમ જ બોબીનો આ ફિલ્મમાં નેગેટિવ રોલ હશે તેમ માનવામાં આવી રહ્યું છે. સાઉથની શૈલી અનુસાર ‘એનબીકે ૧૦૯’ હાલ ફિલ્મનું કામ ચલાઉ ટાઈટલ હોઈ શકે છે. આખરી ટાઈટલ બાદમાં જાહેર કરાશે. બોબી દેઓલની કારકિર્દી લાંબા સમયથી ફંગોળાઈ રહી હતી. જોકે, ‘આશ્રમ’ વેબ સીરીઝ અને ‘એનિમલ’ ફિલ્મ બાદ તેણે બહુ મોટાપાયે કમબેક કર્યું છે.



## જોલી એલએલબી થ્રીનું શૂટિંગ આગામી ઉનાળામાં શરુ થશે




મુંબઈ : હિટ કોમેડી ફ્રેન્ચાઈઝ ‘જોલી એલએલબી થ્રી’નું શૂટિંગ આગામી ઉનાળામાં શરુ થવાનું છે. આ ફ્રેન્ચાઈજીના પહેલા ભાગમાં અર્શદ વરસી હતો. બીજા ભાગમાં તેની જગ્યાએ અક્ષય કુમાર ગોઠવાઈ ગયો હતો. જોકે, હવે ત્રીજા ભાગમાં બંનેનો સમાવેશ કરાયો છે. જોકે, ત્રીજા ભાગમાં પણ ન્યાયધીશ તરીકે સૌરભ શુક્લા યથાવત રહેશે. ફિલ્મના અન્ય કલાકારોનું કાસ્ટિંગ ચાલી રહ્યું છે.

NEWS FILE

## થલાપતિ વિજય આગામી ફિલ્મમાં ડબલ રોલમાં



એકમાં યુવાન અને બીજામાં વૃદ્ધની ભૂમિકામાં હશે

મુંબઈ : થલાપતિ વિજય આગામી ફિલ્મમાં બેવડી ભૂમિકામાં જોવા મળવાનો છે. તેની આ ફિલ્મનું પ્રથમ લુક રિલીઝ કરવામાં આવ્યું છે. જેમાં બે થલાપતિ વિજય જોવા મળે છે. રિપોર્ટસ અનુસાર, આ ફિલ્મ ટાઈમ ટ્રાવેલ પર આધારિત હોવાનું કહેવાય છે. જેમાં થલાપતિ વિજયનો એક રોલ ૧૯ વરસના યુવકનો અને બીજો વૃદ્ધનો છે. ગયા વરસે થલાપતિ વિજય પોતાની બોડીના ૩ડી સ્કેન માટે લોસ એન્જેલસ પણ ગયો હતો. અત્યાર સુધી આ ફિલ્મ થલાપતિ ૬૮ તરીકે ઓળખાતી હતી.

## જાપાનમાં ભૂકંપ-સુનામી વચ્ચે માંડ બચ્યો જુનિયર NTR

ચેન્નઈ: જાપાનમાં નવા વર્ષના પ્રથમ દિવસે જ 7.6ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ દરમિયાન સાઉથના સુપરસ્ટાર જુનિયર એનટીઆર પરિવાર સાથે જાપાનમાં રજાઓ માણી રહ્યા હતા. હવે તેઓ ઘરે પરત ફર્યા છે અને આ અંગે સોશિયલ મીડિયા પર માહિતી આપી છે. જુનિયર એનટીઆરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પર લખ્યું હતું કે,”હું આજે જાપાનથી ઘરે પાછો ફર્યો છું અને ભૂંકપથી મને ખૂબ જ આઘાતમાં છું. છેલ્લું અઠવાડિયું ત્યા વિતાવ્યું અને અસરગ્રસ્ત દરેકને મારી સંવેદના.”

# ‘ડોક્ટર્સે માની લીધુ હતુ કે મારું મૃત્યુ થઈ ચૂક્યુ છે

## મને નવું જીવન મળ્યુ છે :બોલીવુડ અભિનેતા શ્રેયસ તલપડે

■ મુંબઈ



ફેમસ એક્ટર શ્રેયસ તલપડે માટે ડિસેમ્બરનો મહિનો મુશ્કેલીથી ભરેલો રહ્યો. તેમને હાર્ટ એટેક આવ્યો હતો, જે બાદ તેમની એન્જિયોપ્લાસ્ટી થઈ. દવાની સાથે પ્રાર્થનાઓએ પણ અસર કરી અને હવે તેઓ રિકવર થઈ ચૂક્યા છે. હવે તેમણે પોતાના અનુભવ વિશે જણાવ્યુ છે. સાથે જ તેમણે એ પણ ખુલાસો કર્યો કે તેઓ ક્લિનિકલી મૃત્યુ પામ્યા હતા. આ લાઈફમાં તેમની બીજી તક છે. શ્રેયસ તલપડેએ જણાવ્યુ કે તેઓ જીવનમાં ક્યારેય પણ હોસ્પિટલમાં દાખલ થયા નહોતા. હેલ્થ ઈમરજન્સીના કારણે તેમને અહેસાસ થયો કે ‘જાન હે તો જહાન હે’ તેમણે જણાવ્યુ કે તેમનુ હૃદય 10 મિનિટ સુધી ધડકવાનું બંધ થઈ ગયુ હતુ. એક્ટરે જણાવ્યુ કે તેઓ ક્લિનિકલી મૃત્યુ પામ્યા હતા. તેમના પરિવારમાં હૃદયની બીમારીઓનો ઈતિહાસ રહ્યો છે. તેઓ 20 વર્ષની ઉંમરથી સતત કામ કરી રહ્યા છે અને હવે તેઓ 47 વર્ષના છે.

# રકુલ પ્રીત સિંહ જેકી ભગનાની સાથે લગ્ન કરશે

## ૩ વરસના ડેટિંગ પછી પ્રભુતામાં પગલા પાડશે બોલીવુડ જોડી

■ મુંબઈ



નવા વરસની શરૂતમાં બોલવૂડની અભિનેત્રી રકુલ પ્રીત સિંહ લગ્ન કરી રહી હોવાના સમાચાર છે. તે જેકી ભગનાની સાથે ત્રણ વરસથી ડેટિંગ કરી રહી હતી અને હવે લગ્ન કરવાનો નિર્ણય લીધો છે. જોકે યુગલે કે તેમના પરિવારે તેમના લગ્ન સંબંધી સત્તાવાર જાણ કરી નથી. જોક ગયા વરસે પણ તેમના લગ્નની અફવા ચગી હતી, અને રકુલે લગ્ન કરવાની વાતને રદિયો આપ્યો હતો. એક રિપોર્ટના અનુસાર, રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાની આવતા મહિને એટલે કે ફેબ્રુઆરીની ૨૨ના લગ્ન કરવાના છે. રિપોર્ટમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, બન્નેએ ડેસ્ટિનેશન લગ્ન કરવાનો નિર્ણય લીધો છે. હાલ કપલ નવા વરસની ઊજવણી થાઈલેન્ડમાં કરી હતી. અભિનેત્રીએ પોતાની તસવીર ઈન્સ્ટાગ્રામ પર શેર પણ કરી હતી જેમાં તે મોનોબિકિનીમાં પોઝ આપતી જોવા મળી હતી.

## નરગિસ અને ઉદય ચોપરા બ્રેક અપના સાત વર્ષ પછી સાથે!




મુંબઈ : ઉદય ચોપરા અને નરગિસ ફખરીના સંબંધો ચર્ચામાં રહ્યા છે. બન્ને પાંચ વરસ સુધી રિલેશનશિપમાં હતા. એ પછી બન્નેનું અચાનક બ્રેકઅપ થઈ ગયું હતું અને હવે સાત વરસ પછી ફરી આ યુગલે સાથે મળીને દુબઈમાં નવા વરસની ઊજવણી કરી હોવાની તસવીર વાયરલ થઈ છે. ઉદય અને નરગિસ ૨૦૧૩માં પ્રેમમાં પડયાં હતાં. જોકે, પછી તેમનું બ્રેક અપ થઈ ગયું હતું. હવે અચાનક તેઓ સાથે હોવાની એક તસવીર વાયરલ થઈ છે. દુબઈની આ તસવીરમાં હૃતિક રોશનની એક્સ વાઈફ સુઝેન ખાન અને તેનો બોયફ્રેન્ડ અર્સલન ગોની પણ સાથે જોવા મળે છે. બિઝનેસમેન ટોની બિગ તથા અમેરિકી ડાયરેક્ટર મેટ અલોંજો સાથે પણ સંકળાઈ ચૂક્યું છે.

# જાહ્નવી કપૂરે શિખર, અદિતીએ સિદ્ધાર્થ સાથે ડેટિંગ કન્ફર્મ કર્યું

■ મુંબઈ

બોલીવૂડની બે હિરોઈનોના પ્રેમ સંબંધો આમ તો જગજાહેર છે પરંતુ હવે બંનેએ તેની કબૂલાત પણ કરી લીધી છે. જાહ્નવી કપૂરે શિખર પહાડિયા સાથેના રિલેશનશિપની પુષ્ટિ કરી છે. બીજી તરફ અદિતી રાવ હૈદરીએ તો સિદ્ધાર્થ સાથે પોતાનો રોમાન્ટિક ફોટો શેર કરીને છડેચોક પોતાના પ્રેમ સંબંધની જાહેરાત કરી છે. જાહ્નવી અને શિખર પહાડિયા લાંબા સમયથી સાથે સાથે દેખાય છે. તેઓ સાથે ફોરેન ટ્રીપ પણ કરે છે. જાહ્નવીના સમગ્ર પરિવાર સાથે શિખર પણ અનેક પ્રસંગે હાજર હોય તેવું જોવા મળ્યું છે.

બીજી તરફ અદિતી રાવ હૈદરી અને સાઉથનો એક્ટર સિદ્ધાર્થ પણ લાંબા સમયથી રિલેશનશિપમાં છે. હવે તેણે એક રોમાન્ટિક પોસ્ટ દ્વારા આ સંબંધો સ્વીકાર્યા છે. અદિતીએ શિખર સાથેની પોસ્ટમાં જણાવ્યું હતું કે પોતે ખુશી અને ધન્યતા અનુભવે છે. અદિતીનાં લગ્ન અગાઉ સત્યદીપ સાથે થયાં હતાં. બંનેના છૂટાછેડા બાદ સત્યદીપે મસાબા સાથે લગ્ન કર્યાં છે. બીજી તરફ ‘રંગ દે બસંતી’ સહિતની ફિલ્મોમાં જોવા મળેલો હિરો સિદ્ધાર્થ સોહા અલી ખાનનો એક્સ બોયફ્રેન્ડ છે.





### ભારત સીરિઝને 1-1થી બરાબર કરવામાં સફળ રહ્યું

# કેપટાઉન ટેસ્ટમાં ઐતિહાસિક જીત બાદ ભારતીય ટીમને WTCમાં ફાયદો

## WTC પોઈન્ટ ટેબલમાં ભારતીય ટીમ ટોચ પર પહોંચી

■ નવી દિલ્લી

ભારતીય ટીમે સાઉથ આફ્રિકાને કેપટાઉનમાં પ્રથમ વખત ટેસ્ટ મેચમાં હરાવીને ઈતિહાસ રચતા સીરિઝ પણ 1-1થી બરાબર કરી લીધી છે, અને આ ભવ્ય જીત સાથે જ ભારતીય ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચી ગઈ છે. ભારતીય ટીમે કેપટાઉન ટેસ્ટમાં સાઉથ આફ્રિકાને બીજા દિવસે જ 7 વિકેટ હરાવ્યું હતું.રોહિત શર્માની કેપ્ટનશિપ હેઠળ સાઉથ આફ્રિકા સામે સેન્ચ્યુરીયન ટેસ્ટમાં એક ઈનિંગ અને 32 રનથી હારી ગયા બાદ પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા નંબરે સરકી ગઈ હતી, જો કે કેપટાઉન ટેસ્ટ જીતવાની સાથે જ ભારતે સાઉથ આફ્રિકાની ટીમને ટોચના સ્થાનેથી હટાવીને સીધી જ ટોપ પર પહોંચી ગઈ છે. સાઉથ આફ્રિકાને સામે જીતમાં જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ સિરાજે મહત્વની ભૂમિકા ભજવી હતી. ભારત સામેની હાર બાદ સાઉથ આફ્રિકાની જીતની ટકાવારીમાં ઘટીને 50 ટકા થઈ ગઈ છે જ્યારે ભારતની 54.16 થઈ છે.



**WTCના પોઈન્ટ ટેબલમાં થયો મોટો ફેરફાર** ભારતની કેપટાઉન ટેસ્ટમાં સાઉથ આફ્રિકા સામે એકતરફી જીતને કારણે WTCના પોઈન્ટ ટેબલમાં પણ ઘણો મોટો ફેરફાર થયો છે. ભારતીય ટીમ 4 મેચમાં 2 જીત, 1 હાર અને 1 ડ્રો સાથે કુલ 26 પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને પહોંચી ગઈ છે જ્યારે દક્ષિણ આફ્રિકા 2 મેચમાં 1 જીત અને 1 હાર સાથે બીજા સ્થાને તેમજ ન્યુઝીલેન્ડે 2 ટેસ્ટ મેચમાં 1 જીત અને 1 હાર સાથે પોઈન્ટ ટેબલમાં ત્રીજા ક્રમે છે.



## આ ટીમ બની શકે છે ટી20 વર્લ્ડ કપ ચેમ્પિયન!

■ લોર્ડ્સ

2023માં ODI World Cupનું આયોજન ભારતમાં થયું હતું. હવે 2024માં T20 World Cupનું આયોજન થવાનું છે. આ ટુર્નામેન્ટનું આયોજન અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં જૂના મહિનામાં થઈ શકે છે. આ દરમિયાન ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી નાસિર હુસેન એક મોટી ભવિષ્યવાણી કરી છે. નાસિર હુસેને T20 World Cup 2024ની વિજેતા ટીમનું નામ જણાવ્યું છે. તેણે આ સાથે એ પણ જણાવ્યું હતું કે કઈ બે ટીમો ફાઈનલમાં રમતી જોવા મળશે. ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન નાસિર હુસેને એક શોમાં વાતચીત દરમિયાન કહ્યું કે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ કોઈપણ ભોગે વર્લ્ડ કપનું ટાઈટલ જાળવી રાખવા ઈચ્છશે. પરંતુ સાઉથ આફ્રિકાની ટીમે છેલ્લા કેટલાંક સમયથી જે પ્રકારનું પ્રદર્શન કર્યું છે તેને ઓછું ન ગણવું જોઈએ. નાસિરે કહ્યું કે આ વિશે તેણે એટલું વિચાર્યું નથી, પરંતુ હું સાઉથ આફ્રિકાને પસંદ કરીશ, તે આ વર્ષે T20 World Cup ચેમ્પિયન બનશે.

## ક્રિકેટના નિયમ બદલાયા, ફિલ્ડિંગ ટીમને મોટું નુકસાન

### થર્ડ અમ્પાયર ફ્રન્ટ ફૂટ ઉપરાંત તમામ પ્રકારના ફૂટ ફોલ્ટ નો બોલની તપાસ કરશે

■ નવી દિલ્લી

નવા વર્ષમાં ક્રિકેટના કેટલાંક નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ICCએ એક એવા નિયમમાં ફેરફાર કર્યો છે જેનો ખેલાડીઓ અયોગ્ય લાભ લેતા હતા. હવે જો સ્ટમ્પિંગ માટે અપીલ થાય અને ફિલ્ડ અમ્પાયર તેને થર્ડ અમ્પાયર પાસે મોકલે, તો માત્ર સાઈડ-ઓન રિપ્લે જ જોવામાં આવશે. કોટ બિહાઈન્ડ એટલે કે વિકેટકીપર દ્વારા કરવામાં આવ્યો કેચ તપાસવામાં આવશે નહીં. મળેલા અહેવાલો મુજબ ઘણીવાર એવું બનતું હતું કે સ્ટમ્પિંગ માટે અપીલ કરવામાં આવતી તો ફિલ્ડીંગ ટીમને કોટ બિહાઈન્ડ માટે પણ રિવ્યુ મળી જતો હતો. જેથી ફિલ્ડીંગ ટીમને બેટ્સમેનની વિકેટ રિવ્યુ લીધા વગર જ મળી જતી હતી. જો ઈજાગ્રસ્ત ખેલાડીને બોલિંગમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હોય, તો તેના સ્થાને આવેલા ખેલાડીને બોલિંગ કરવાની મંજૂરી આપવામાં આવશે.



## NEWS FILE

### ભારતીય ટીમને 2024માં નહીં મળે આરામ, ઢગલાબંધ સિરીઝ



નવી દિલ્લીઃ ભારતીય ક્રિકેટ ટીમ વર્ષ 2024માં ઈંગ્લેન્ડ ઉપરાંત બાંગ્લાદેશ, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવી ટીમો સામે પણ રમશે. જો કે અત્યાર સુધી BCCIએ આખું શેડ્યુલ જારી કર્યું નથી. પરંતુ જૂન મહિના સુધી ભારત કઈ ટીમ સામે ક્રિકેટ રમશે તે નક્કી થઇ ચુક્યું છે. ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામે પોતાની ધરતી પર 5 ટેસ્ટ મેચની સીરિઝ રમશે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સીરિઝની શરૂઆત 25 જાન્યુઆરીથી થશે. આ સીરિઝની અંતિમ મેચ 11 માર્ચના રોજ રમશે. આ સીરિઝ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ પોઈન્ટ્સ ટેબલની દૃષ્ટિએ ખુબ મહત્વપૂર્ણ છે. આ સીરિઝ પછી IPLનું આયોજન કરવામાં આવશે.

### શ્રીલંકાએ આખરે નવા ટેસ્ટ કેપ્ટનની જાહેરાત કરી



### દિમુથ કરુણારત્નેની જગ્યાએ ધનંજય ડી સિલ્વાને જવાબદારી સોંપાઈ

કોલંબોઃ T20 અને ODI બાદ શ્રીલંકા ક્રિકેટે ટેસ્ટ ટીમના કેપ્ટનમાં પણ ફેરફાર કર્યો છે. દિમુથ કરુણારત્નેની જગ્યાએ ધનંજય ડી સિલ્વાને ટેસ્ટ ટીમની કમાન સોંપવામાં આવી છે. શ્રીલંકન ક્રિકેટ ટીમના મુખ્ય પસંદગીકાર ઉપુલ થરંગાએ ટેસ્ટ ટીમના કેપ્ટન બદલવાની પુષ્ટિ કરી છે. અગાઉ, ઝિમ્બાબ્વે સામે 6 જાન્યુઆરીથી શરૂ થનારી ઘરેલું T20 અને ODI શ્રેણી માટે અલગ-અલગ કેપ્ટનની નિમણૂક કરવામાં આવી હતી. ODIની કમાન કુસલ મેન્ડિસને સોંપવામાં આવી હતી.

**ડી સિલ્વા શ્રીલંકાનો 18મો ટેસ્ટ કેપ્ટન** ધનંજય ડી સિલ્વા શ્રીલંકન ટેસ્ટ ટીમનો 18મો કેપ્ટન છે. ધનંજય ડી સિલ્વાએ શ્રીલંકા માટે અત્યાર સુધી રમાયેલી 51 ટેસ્ટ મેચમાં 39.77ની એવરેજથી 3301 રન બનાવ્યા છે. તેણે 10 સદી અને 13 અડધી સદી પણ ફટકારી હતી. જ્યારે દિમુથ કરુણારત્નેએ 2019માં શ્રીલંકા ટેસ્ટની કપ્તાની સંભાળી હતી. તેણે 30 ટેસ્ટ મેચમાં શ્રીલંકાની કેપ્ટનશિપ કરી છે, જેમાં ટીમ 12માં જીતી છે અને 12માં હાર છે. જેમાં 6 મેચ ડ્રો રહી હતી. તેમની આગેવાની હેઠળ, શ્રીલંકાની ટીમ 2019માં દક્ષિણ આફ્રિકામાં ટેસ્ટ શ્રેણી જીતીને આફ્રિકામાં ટેસ્ટ શ્રેણી જીતનારી પ્રથમ એશિયન ટીમ બની હતી.

## કોહલી-રોહિત રમશે T20 વર્લ્ડ કપ!

### ટી-20 વર્લ્ડ કપ માટે ટીમની પસંદગી કરવી અઘરી

■ નવી દિલ્લી

ભારતીય ક્રિકેટ ટીમના ચાહકો માટે એક સારા સમાચાર આવી રહ્યા છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીએ જૂનમાં યોજાનાર T20 World Cup 2024માં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આવી સ્થિતિમાં, હવે અજીત અગરકરની આગેવાની હેઠળની ભારતીય ટીમની પસંદગી સમિતિએ અફઘાનિસ્તાન સામેની T20 માટે ટીમની પસંદગી કરતા પહેલા મંથન કરવું પડશે. આ બંને ખેલાડીઓએ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ T20 World Cup 2024નો ભાગ બનવા માંગે છે. હાલ બે પસંદગીકાર શિવ સુંદર દાસ અને સલિલ અંકોલા સાઉથ આફ્રિકામાં છે, જયારે કેપ ટાઉનના ન્યુલેન્ડ્સમાં રમાનાર બીજી ટેસ્ટ દરમિયાન અધ્યક્ષ અજીત અગરકર પણ તેમની સાથે જોડાશે. રોહિત અને કોહલીએ 10 નવેમ્બર,2022ના રોજ એડીલેડમાં ઈંગ્લેન્ડ સામે T20 World Cupની સેમિફાઈનલ મેચ બાદ ભારત માટે એક પણ T20 મેચ રમી નથી. આવી સ્થિતિમાં એવા અનુમાનો લગાવવામાં આવી રહ્યા છે.

## « 30 ખેલાડીઓ પર રહેશે નજર, IPLમાં સારું પ્રદર્શન કરનાર ખેલાડીઓની લાગશે લોટરી

### IPLમાં લગભગ 30 T20 સ્પેશિયાલિસ્ટ ખેલાડીઓને મોનિટર કરવામાં આવશે



વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએમાં યોજાનાર ICC T20 World Cup 2024 પહેલા IPLમાં લગભગ 30 T20 સ્પેશિયાલિસ્ટ ખેલાડીઓને મોનિટર કરવામાં આવશે. આવી સ્થિતિમાં એવી સંભાવના છે કે IPLના બે મહિના દરમિયાન ઓછામાં ઓછા 25થી 30 ખેલાડીઓને પસંદ કરવામાં આવશે અને તેમનાં પ્રદર્શનને મોનિટર કરવામાં આવશે. IPL 2024 દરમિયાન ઈજા કે ફિટનેસની સમસ્યા થઇ શકે છે અને પસંદગી સમિતિને પ્રત્યેક સ્લોટ માટે બે ખેલાડીઓની જરૂર પડશે, જેથી લાઈક-ફોર-લાઈક રિપ્લેસમેન્ટ તૈયાર થઇ શકે. BCCIના એક સૂત્રે જણાવ્યું કે, ‘સૂર્યકુમાર યાદવ અને હાર્દિક પંડ્યા ફિટ નથી. IPLના પહેલા મહિનાના પરફોર્મન્સના આધારે ભારતીય ટીમ નક્કી કરવામાં આવશે, અફઘાનિસ્તાન સીરિઝથી વધુ કંઈ નક્કી કરવામાં આવશે નહીં. BCCI ક્યારેય કોઈ ફ્રેન્ચાઈઝીને સ્ટાર ખેલાડીના વર્કલોડ મેનેજમેન્ટને મેનેજ કરવા માટે કહી શકે નહીં.

# PM મોદીએ લક્ષદ્વીપના દરિયામાં સ્નોર્કલિંગ કર્યું, અહીં એડવેન્ચર કરવાનો અનુભવ આનંદદાયક: PM મોદી





**નવી દિલ્લી:** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના લક્ષદ્વીપ પ્રવાસની રસપ્રદ તસવીરો શેર કરી છે. સ્નોર્કલિંગનો ફોટો શેર કરતા પીએમે કહ્યું કે લક્ષદ્વીપ એવા લોકોની યાદીમાં હોવું જોઈએ જે એડવેન્ચર કરવા માગે છે. મેં સ્નોર્કલિંગ કરવાનો પ્રયાસ કર્યો. આ એક આનંદદાયક અનુભવ હતો. પીએમ મોદીએ તેમના બીચ વોકની તસવીરો પણ શેર કરી છે. ફોટોમાં પીએમ ખુરશી પર બેસીને સમુદ્રનો નજારો જોતા જોવા મળે છે. આ ઉપરાંત પીએમ મોદીએ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે પણ વાતચીત કરી હતી. જેમાં આયુષ્માન ભારત, પીએમ-કિસાન, પીએમ-આવાસ અને કિસાન ક્રેડિટ કાર્ડ જેવી યોજનાઓનો લાભ લેનારા લોકોનો સમાવેશ થાય છે. લક્ષદ્વીપ પ્રવાસનો ફોટો શેર કરતા પીએમ મોદીએ લખ્યું કે 'લક્ષદ્વીપ માત્ર ટાપુઓનો સમૂહ નથી. તે પરંપરાઓનો વારસો છે અને તેના લોકોની ભાવનાનું પ્રમાણ છે. મારી સફર શીખવાની અને વિકાસની સમૃદ્ધ રહી છે.'

# રામ મંદિરમાં સોનાના 14 દરવાજા, 161 ફૂટની ઊંચાઈ

## નાગર શૈલીમાં બનેલા મંદિરની 20 વિશેષતાઓ જાણો

■ નવી દિલ્લી

અયોધ્યામાં બની રહેલા ભવ્ય રામ મંદિરમાં 22 જાન્યુઆરી 2024ના રોજ બપોરે 12:30 કલાકે રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. 2019માં સુપ્રીમ કોર્ટના આદેશ બાદ જ્યારે રામ મંદિર નિર્માણ માટે જે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રની રચના કરવામાં આવી હતી, તેની તરફથી મંદિર નિર્માણનો ખર્ચ પણ નક્કી કરવામાં આવ્યો હતો, જે બાદથી ત્રણ માળના રામ મંદિર માટે દુનિયાભરના રામ ભક્તોએ દાન કર્યુ. ચોંકાવનારી વાત એ છે કે રામ ભક્તોએ દિલ ખોલીને રામ મંદિર માટે દાન કર્યુ. તેવામાં રામ મંદિરના ફર્સ્ટ ફ્લોરનું નિર્માણ સમર્પણ નિધિમાં મળેલા રૂપિયાના વ્યાજથી જ થઇ ગયું છે. આ કાર્યક્રમને લઈને તાડામાર તૈયારીઓ ચાલી રહી છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે પહેલીવાર રામ મંદિરની વિશેષતાઓ જણાવી છે.



## NEWS FILE

### ઉમેદવારી રદ થતાં ઈમરાનનું પીએમ બનવાનું સપનું રોળાયું




ઈસ્લામાબાદ: એમ્બેસીના ગુપ્ત દસ્તાવેજો લીક કરવાના મામલામાં હાલમાં જેલમાં બંધ ઈમરાન ખાનનુ પાકિસ્તાનની આગામી ચૂંટણી લડવાનુ સપનુ રોળાઈ ગયુ છે.આઠ ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણી માટે તેમણે બે બેઠકો પરથી ઉમેદવારી નોંધાવી હતી પણ બંને બેઠકો પર ચૂંટણી અધિકારીએ તેમની ઉમેદવારી રદ કરી નાંખી હોવાથી હવે પાકિસ્તાના પૂર્વ વડાપ્રધાનની મુશ્કેલી વધી ગઈ છે. સાથે સાથે બીજી વખત પાકિસ્તાનના વડાપ્રધાન બનવાની તેમની ઈચ્છા પણ હવે પૂરી થાય તેમ લાગતી નથી. જોકે ઈમરાન ખાને ચૂંટણી અધિકારીના નિર્ણય સામે લાહોર હાઈકોર્ટમાં પિટિશન કરી છે.

### 2028થી ભારત નહીં કરે દાળની આયાત: અમિત શાહ

નવી દિલ્લી: કેન્દ્ર સરકારે ડિસેમ્બર 2027 સુધીમાં ભારતને કઠોળના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવાની દિશામાં મોટો નિર્ણય લીધો છે. દેશમાં ખેડૂતો તુવેર દાળની ખેતી વધુ કરે તે માટે સરકારે એક યોજના શરૂ કરી છે. સરકારી એજન્સી નાફેડ(NAFED) અને એનસીસીએફ (NCCF) એ વેબ પોર્ટલ લોન્ચ કરી છે, જેના પર ઉત્પાદન કરતા ખેડૂતો લઘુત્તમ ટેકાના ભાવે ઓનલાઈન નોંધણી કરી વેચી શકે છે. ખેડૂતો તેમની ઉપજની ચૂકવણી ડીબીટી દ્વારા સીધા તેમના બેંક ખાતામાં કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહ અને સહકારી મંત્રી અમિત શાહે આ વેબ પોર્ટલ લોન્ચ કર્યું હતું.

### રશિયા અને યુક્રેને બંધક 478 સૈનિકોને મુક્ત કર્યા



મોસ્કો: દુનિયામાં કોઈ દેશ જે કામ નથી કરી શક્યુ તે યુએઈએ કરી બતાવ્યુ છે. યુએઈની મધ્યસ્થીના કારણે રશિયા અને યુક્રેન એમ બંને દેશે 478 યુધ્ધ કેદીઓને મુકત કર્યા છે. બંને દેશોએ યુધ્ધ કેદીઓની અદલા બદલી કરી હતી. યુક્રેનના અધિકારીઓએ રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધમાં પકડવામાં આવેલા 230 યુક્રેની સૈનિકો અને રશિયાએ 248 સૈનિકોની ઘરવાપસી થઈ હોવાનુ કહ્યુ છે. આમ તો બંને દેશો વચ્ચે યુધ્ધ બાદ પ્રારંભિક તબક્કામાં યુધ્ધ કેદીઓ મુક્ત કરવા માટેની કાર્યવાહી ચાલતી હતી પણ છેલ્લા પાંચ મહિનાથી યુધ્ધ કેદીઓને મુક્ત કરવાની કામગીરી કોઈ કારણોસર બંધ થઈ ગઈ હતી.

# રાહુલ ગાંધીની યાત્રાનું નામ બદલાયું

## « 'ભારત જોડો ન્યાય યાત્રા' હેઠળ 67 દિવસમાં 6,713 કિ.મીની યાત્રા કરશે, શું ચૂંટણીમાં થશે મોટો ફાયદો?

■ નવી દિલ્લી

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ફરી એક વખત યાત્રા પર નીકળશે. 14 જાન્યુઆરીથી શરૂ થતી આ યાત્રાનું નામ 'ભારત જોડો ન્યાય યાત્રા' રાખવામાં આવ્યું છે. આ બાબતની જાણકારી કોંગ્રેસ નેતા જયરામ રમેશે આપી છે. આ પહેલા આ યાત્રાનું નામ 'ભારત ન્યાય યાત્રા' આપવામાં આવ્યુ હતું. કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું કે, યાત્રાની શરૂઆત મણિપુરની રાજધાની ઈમ્ફાલથી થશે. આ યાત્રા 14 જાન્યુઆરીના રોજ બપોરે 12:00 વાગ્યાથી શરૂ થશે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે યાત્રા અંગે કહ્યું કે, 6,700 કિ.મી લાંબી યાત્રા 15 રાજ્યોમાંથી પસાર થશે. આ દરમિયાન રાહુલ ગાંધી બસ અને પદયાત્રા કરશે. આ યાત્રામાં INDIA ગઠબંધનના સહયોગી પક્ષોને પણ આમંત્રણ આપવામાં આવશે. કોંગ્રેસ નેતાએ વધુમાં કહ્યું કે, રાહુલ ગાંધી 'ભારત જોડો ન્યાય યાત્રા' હેઠળ 67 દિવસમાં 6,713 કિ.મીની યાત્રા કરશે. આ યાત્રા 15 રાજ્યોના 110 જિલ્લામાંથી પસાર થશે. તેના અંતર્ગત 100 લોકસભા બેઠકો આવશે. રાહુલ ગાંધીની યાત્રા મુંબઈમાં પૂર્ણ થશે.



### ભારત જોડો યાત્રાનો રૂટ મેપ

■ મણિપુરમાં 107 કિ.મીની યાત્રામાં 4 જિલ્લાને કવર કરવામાં આવશે. ■ નાગાલેન્ડમાં 257 કિમીની યાત્રામાં 5 જિલ્લાને કવર કરવામાં આવશે. ■ આસામના 833 કિ.મીના સફરમાં આ યાત્રા 17 જિલ્લામાંથી પસાર થશે. ■ અરુણાચલ પ્રદેશમાં 55 કિ.મીની યાત્રામાં 1 જિલ્લાને કવર કરવામાં આવશે. ■ મેઘાલયમાં રાહુલ ગાંધી 5 કિ.મીનીa યાત્રામાં 1 જિલ્લાને કવર કરશે. ■ પશ્ચિમ બંગાળમાં 523 કિ.મીની યાત્રામાં 7 જિલ્લાને કવર કરવામાં આવશે. ■ બિહારમાં રાહુલ ગાંધી 425 કિ.મીની લાંબી યાત્રા કરશે અને 7 જિલ્લાને કવર કરશે. ■ ત્યારબાદ ઝારખંડમાં 804 કિ.મીની યાત્રામાં 13 જિલ્લાને કવર કરવામાં આવશે. ■ ઓડિસામાં 341 કિ.મી લાંબી યાત્રા કરશે અને તે 4 જિલ્લામાંથી પસાર થશે. ■ છત્તીસગઢમાં 536 કિ.મીની યાત્રામાં 7 જિલ્લાને કવર કરવામાં આવશે. ■ ઉત્તર પ્રદેશમાં રાહુલ ગાંધી સૌથી લાંબી યાત્રા 1,074 કિ.મીની યાત્રામાં 20 જિલ્લાને કવર કરશે.